

# અધ્યાત્મ

વર્ષ : ૯ મે-૧૯૮૮ અંક : ૮

## સદ્‌ભાવભરી ભેટ

સદ્‌ભાવભરી ભેટની સરિતા પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાથી વણથંભી ચાલ્યાં જ કરે છે. કદી જેને જાણ્યા, જોયા ન હોય, એવી વ્યક્તિઓ પણ જ્યારે ભેટો મોકલે ત્યારે એમાં પ્રભુની કૃપા સિવાય બીજુ શું કારણ હોઇ શકે ?–છેલ્લે આવેલ ભેટની વિગત નીચે પ્રમાણે છેઃ-

૧૨૬૧ શ્રી દીપકભાઇ ઘોડીવાલા, કેનેડા.
૪૦૦ શ્રીમતી સરોજબેન હજારી બેલમોન્ટ, અમેરિકા. (૩૦ ડોલર)
૨૧ શ્રી ઉપેન્દ્રભાઇ કનૈયાલાલ ઝીંઝુવાડિયા, ભાવનગર સ્વર્ગસ્થ માતાજીની બીજી પુણ્યતિથિ નિમિત્તે.
૫૧ શ્રી કિશોરચંદ્ર એચ. દવે, અમદાવાદ, શ્રી સત્યમના જન્મ નિમિત્તે.
૧૧ શ્રી વસંતરાય રવિશંકર રાવલ, રાજસીતાપુર.
૧૧ શ્રી પ્રવીણ આર. ભટ્ટ, અમદાવાદ.
૫૦ શ્રી કૈલાસબેન વિનોદભાઇ જોષી, વડોદરા.
૧૦૧ સોનેજી વસંતલાલ ગીરધરલાલ, મોરબી, પૂ. માની કૃપા થતાં.
૫૧ રાજકોટના સાધકભાઈ તરફથી.
૨૫ રાજકોટના સાધકભાઇ તરફથી.
૫૧ મોરબીના એક સાધક તરફથી.
૧૧ જમનાદાસ ગોકળદાસ, રાજકોટ.
૧૧ શ્રી ઉપેન્દ્ર ઝીંઝુવાડિયા, ચિ. પ્રીતિના જન્મદિન નિમિત્તે.
૨૧ શ્રી વીણાબેન ઠાકોરભાઇ દેસાઇ, સુરત.
૨૫૧ શ્રી રતિલાલ સી. શાહ, તથા શારદાબેન રતિલાલ શાહ, અમેરિકા તરફથી.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૯ અંક : ૮ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ (વિમાનથી)
સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
તંત્રી–સંપાદક : શ્રી નારાયણ હ. જાની.
સહસંપાદકો : શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧
તંત્રી, મુદ્રક અને પ્રકાશક : નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
મુદ્રણસ્થાન : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બારડીગેટ ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગાતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | સર્વેશ્વરી મા | ૩ |
| પૂ. માના પુનિત પગલે પગલે આદિવાસી વિસ્તારમાં | તંત્રી | ૯ |
| અહં–પ્રકૃતિ–સતકર્મ | રતિલાલ ભાવસાર | ૧૬ |
| શ્રી ગિરીશચંદ્ર ઘોષ | નારાયણભાઇ જાની | ૧૭ |
| રે ! મને.... | ડો. રણજિત પટેલ | ૨૩ |
| ભારતવાસીઓને.... | સ્વામી વિવેકાનંદ | ૨૪ |
| ગુરુકૃપાની લહાણ | વિજય પુરોહિત | ૨૫ |
| વિષયમાં સુખ નથી | હિમ્મતભાઇ રાવલ | ૩૦ |
| ઉત્તરાયણ પર્વની નોંધપાત્ર વિશેષતાઓ | શાન્તિકુમાર ભટ્ટ | ૩૫ |
| મૌન | ભાઈલાલભાઈ છાટબાર | ૪૧ |
| મનની એકાગ્રતા | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૬ |
| મહાશક્તિ લક્ષ્મી | પૂ. શ્રી મોટા | ૪૯ |
| ભગવાન મહાવીરનું પ્રદાન | ગુણવંત શાહ | ૫૦ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૧ |
| ઝંખના | રામુ પારેખ | ૫૮ |
| સંતોની સંગતિ લાભકારક | સંત તુકારામ | ૬૦ |
| શામજી ભગતની આતમ વાણી | — | ૬૧ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |


—✻—




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૯ મે-૧૯૮૮ અંક : ૮


## શ્રી યોગેશ્વર કથામૃત

[ પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની માશ્રી સર્વેશ્વરીએ કરેલી દૈનિક નોંધ. ]

સ્થળઃ–સરદારનગર, ભાવનગર.

તા. ૩૧-૮-૧૯૮૦ શ્રાવણવદ છઠ ૨૦૩૬ રવિવાર.

આજે આખી રાત શાંતિથી વીતી. વચ્ચે એકાદ કલાકની સેવા સિવાય પૂ શ્રીએ આરામ કર્યો.

નિત્યકર્મથી નિવૃત્ત થઇ પૂ. શ્રી માતાજીની રૂમમાં હાથમાં માળા લઇને ફરી રહ્યા છે. માતાજીને સ્નાન કરાવી લીધું છે. બહારની ખાલી જગ્યા જે પૂ. શ્રી અને માતાજીની રૂમની બહાર છે કે જે અવરજવરનો માર્ગ છે ત્યાં, ખુરશી ઉપર રાતે-દિવસે જ્યારે પણ સેવાની જરૂર હોય તો ત્યારે મેં બેસવાનું રાખ્યું છે, અને એવી રીતે બેઠી છું. પૂ. શ્રી કહે છે કે, “ ૧૨ મો અધ્યાય બોલો, હું પણ રૂમમાં આંટા મારતા મારતા બોલીશ. ” એથી બહાર ખુરશી ઉપરથી ૧૨ મો અધ્યાય અને ૧૫ મો અધ્યાય ગીતાનો મોટેથી બોલીને પાઠ કર્યો. દૂધ પીવાનો સમય થયો હોઇ દ્વાર ખોલવામાં

આવ્યું. શ્રી સરસ્વતીબેન તેમના બન્ને પુત્રોને લઇને સેવામાં હાજર થયાં છે. છોકરાઓને કામ કરવામાં નાનમ નથી જણાતી. બંને પુત્રો યોગ્ય કામમાં લાગી જાય છે.

બે દિવસથી પૂ. શ્રીને થોડી શરદીની અસર છે. તેથી દૂધમાં મસાલો નાંખીને દૂધ પીવામાં આવે છે. ગઇ કાલે માનસિક અશાંતિ મને ઘેરી વળી હતી એટલે પૂ. શ્રી વિશેષ કાળજી રાખીને પોતે પ્રથમ દૂધનો પ્યાલો મને આપે છે. જો કે હું પૂ. શ્રીએ પીધા પછી જ તેને ગ્રહણ કરું છું, તેમ કર્યો. પણ પૂ. શ્રી સાથે રહેનારને પોતાના શિષ્ય કે પોતાનાથી ઉતરતી કોઈ વ્યક્તિ કે નોકર છે એવું જરાપણ સ્વમાન ઘવાય એવું વર્તન કરતા નથી. પોતે ગુરુદેવ હોઇ અન્ય ગુરુઓની જેમ ટૂંકમાં, આજ્ઞા, કડકાઇ કે ગુસ્સો બતાવી શકે. પણ ના, આ મહાપુરુષ તો વિરલ કોટિના છે ને જેથી એઓશ્રીનું સમગ્ર જીવન આદર્શ રૂપે જ જોવા મળે છે. નાની નાની વાતોમાં પણ સજાગ રહેવાનું, નિયમિત્તા અને સ્વચ્છતામાં પણ સર્વશ્રેષ્ઠ બનવાનું બીજાને પણ શીખવે છે. એમનું જીવન જ સંદેશ છે. એમનું લખાણ કે એમની વાણી કરતાં પણ એમનું વર્તન જ સર્વશ્રેષ્ઠ જીવનનો સર્વ-શ્રેષ્ઠ સંદેશ છે.

આજે પૂ. માતાજીને કોપરુ ખાવાની ઇચ્છા થઇ તેથી લીલાં નાળિયેર મંગાવવા બે યુવાનોને દોડાવ્યા. પણ સમય-સર ન આવી જતાં પૂ. શ્રીને એક બાળક જેટલી અધીરાઇ આવી ગઇ ને તરત જ આવી જવું જોઇએ એવું કહેવા લાગ્યા. પોતાની માતાના મુખમાંથી જે શબ્દ નીકળે તે તરત જ અમલમાં મૂકાવો જોઇએ એવી સેવા પ્રત્યેની તત્પરતા પૂ. શ્રીમાં જોવા મળી. એ માટે હાજર રહેલા સર્વને દોડા-



દોડ થઇ જાય. પછી તે શાંતિથી આનંદથી એ સેવા કરે. નાળિયેર સમયસર આવી જતાં કોપરુ કાઢીને તૈયાર રાખ્યું. ત્યારે પૂ. શ્રી મુલાકાત આપવા બહાર બેઠા હતા. "કહ્યું હતું કે તૈયાર થાય એટલે કહેજો, હું તરત જ આવીશ, ને માને ખવડાવીશ." એટલે કહેવડાવ્યું પણ પૂ. શ્રી ૧૦ મિનિટ પછી જ આવ્યા. ને માને કોપરુ ખવડાવ્યું. મેં પૂછ્યું "કેટલી બધી ઉતાવળ કરાવીને જ્યારે અમે તે લાવીને તૈયાર કર્યું ત્યારે તમે કેમ આટલા મોડા આવ્યા?" તો કહે "હું તો હજી સારો મહાત્મા છું, ચીપિયો લઇને પાછળ દોડતો નથી કે ક્રોધ કરતો નથી કે ગાળ દેતો નથી. આવવાની એટલી ઉતાવળ ન હતી. જગતનું-બધાનું ધ્યાન રાખું છું." મેં કહ્યું "ના, એવું નહીં ચાલે તમારે આવવું જ જોઇએ ને!" તો કહે (હાથ જોડીને) "મા ભગવતી! ક્ષમા કરો, ભવાની મા માફ કરો."

આ પ્રસંગની નોંધ કરવાની ઇચ્છા થઈ કારણ કે આખાયે પ્રસંગમાં બાળક જેવી નિર્દોષતા, બાળક જેવી અધીરાઈ, બાળક જેવા સહજ સ્વભાવનાં દર્શન થાય છે.

ફરીથી પૂ. શ્રી મુલાકાતીઓ પાસે જાય છે. સાથે હવે હું પણ જાઉં છું. આજે રવિવાર હોવાથી ઘણા મુલાકાતીઓ બહાર મંડપમાં બેઠા છે. એક બહેન પ્રશ્ન પૂછવાની શરૂઆત કરે છે.

પ્રશ્ન : નવરાત્રીમાં મારો દીકરો પડી ગયો ત્યારથી તેનો ક્રોધ ઘણો વધી ગયો છે, તો શું કરવું?

પૂ. શ્રી : ક્રોધ વધ્યો તેમાં કંઈ નવરાત્રીને દોષ ન અપાય, દીકરો મા પાસે જ ક્રોધ કરે ને! દેવીના મંદિરમાં જઈ દર

મંગળવારે ફૂલની માળા અર્પણ કરો, જેથી ક્રોધ ઓછો થઇ જાય.

પ્રશ્ન : જપ સ્વપ્નમાં મળ્યો છે, તે જપી શકાય ?

પૂ. શ્રી : તમને તેમાં વિશ્વાસ હોય તો જપી શકાય. તમને જે જપ સ્વપ્નમાં મળ્યો છે તે જપ નથી છતાં તમારે માનવો હોય તો માનો.

પ્રશ્ન : ધ્યાનમાં બેસીએ ત્યારે મારું આસન જમીનથી અદ્ધર થઈ જાય છે તો એ શું સૂચન કરે છે ?

પૂ. શ્રી : જમીનથી ઉંચું થઈ જતું નથી. એ તો એકાગ્રતાને લીધે શરીર હળવું લાગે ને ઉંચે ઉઠ્યા એવું લાગે. હા, પ્રાણાયામની સાધનાથી જમીનથી ઉર્ધ્વગમન થઈ શકે. દયાનંદ સરસ્વતી ધ્યાનમાં બેઠા હતા ત્યારે તેમનું આસન ઉપર હતું એમ એક જોનાર ભકતે નોંધ કરી છે. પ્રાણાયામના અભ્યાસીને એવું થાય.

આસન અદ્ધર થાય એવું લાગે એ એક વાત અને આસન ખરેખર અદ્ધર થાય એ બીજી વાત.

પ્રશ્ન : મારાથી પ્રવાહી જ ખોરાક લેવાય છે તો શું કરવું ?

પૂ. શ્રી : પ્રવાહી પણ ખોરાક જ ગણાય ને ! એમ કહી યોગાનંદના પુસ્તકમાં નિરાહારી બાબાની વાત, વળી સ્વામિનારાયણ સંપ્રદાયનાં મણીબેનની વાતો કરે છે. વળી ગુજરાતના એક સંત જેઓ કશો ખોરાક નથી લેતા એવું કહેતા પણ તે ખોટું છે, એ વાત પણ ભકતોએ જાણી એટલે તે સંતને વિદાય કર્યા, આવી સંતોની વાતો કરી ત્યાંજ એક ભાઈ કહેવા લાગ્યા કે—સ્વામીએ તો સાધુ સમાજના ઘણા



સાધુઓને પાખંડી જણાવ્યા છે.

પૂ. શ્રી : સાધુ સમાજના ફક્ત પાખંડો જ જો સમાજ આગળ મૂકીએ તો લોકોના માનસમાં સાધુ સમાજ જ ખરાબ છે, એવી છાપ પડે. હા, એ પણ લખો. પણ સંતુલિત અભિપ્રાય આપીને અને જે સારાં તત્ત્વો છે તે પણ સમાજ સામે મૂકો.

આટલું કહી પોતે સંતસૌરભ પુસ્તક લખ્યું જેમાં વકીલ, દરજી, કઠિયારો, પોપકોર્ન વેચનાર છોકરો વગેરે જેવાનાં જીવન સંત જેવાં જ છે તેની વાતો લખી છે, એમ જણાવી પ્રભુપાદ સ્વામીને પૂ. શ્રીએ અંજલિ આપી. ઘણી મોટી ઉંમરે તે સંતપુરુષ અમેરિકા ગયા ને પરદેશમાં ધર્મની એક લહર ઉભી કરી.

આટલી વાતચીત પછી પૂ. માનો દર્દભર્યો અવાજ આવતાં પૂ. શ્રી તરત જ ઉભા થઈ રૂમમાં સેવામાં હાજર થાય છે. ભોજનમાં આજે પૂ. માતાજી એક ચમચી ખીચડી લે છે. ત્યારબાદ પૂ. શ્રી સાથે અમે ભોજન લીધું, આરામ કર્યો.

પૂ. શ્રીની આજ્ઞાથી શ્રી ભાઇલાલભાઇને મળવા જવાનું થયું. શ્રી નારાયણભાઇને એક વિચિત્ર સ્વપ્ન દર્શન થયું તેની વાત સાંભળી.

સાંજે ૬.૧૫ મિનિટે પૂ. શ્રી માતાજી સાથે બહારના ખુલ્લાભાગમાં આવે છે. સાંજે ૬.૩૦ કલાકે પ્રવચન માટે મેદાનમાં આવે છે. આજે ભક્તધ્રુવની વાતો તથા સંતો પાસે રહેલી શક્તિની વાતો કરે છે.

પ્રવચન પછી પૂ. માને થોડું આગ્રહ કરી ખવડાવે છે. અમે ભોજન લેવા બેઠા. ભોજન શબ્દ એટલા માટે લખાય

છે કે નવેમ્બર ૧૯૭૯ની ભયંકર હૃદયરોગની બિમારી પછી આજે પ્રથમવાર સાંજે પૂ. શ્રી ભાત ને મગનીદાળનું ભોજન લે છે, જો કે એની પાછળ માતાજી કંઇક લઇ શકે એ દૃષ્ટિ હતી.

ભોજન બાદ આરામ. આજકાલ શાંતિ છે. પૂ શ્રી તથા પૂ. માતાજી તનથી સ્વસ્થ છે. માતાજી મનથી પણ આજે સ્વસ્થ જણાય છે, એટલે આનંદ છે.

આજે રાત્રે ૯.૪૫ થી ૧૦.૩૦ પ્રાર્થના, સત્સંગ વિ. થયાં, જેમાં મેં હાજરી આપી. નોંધ લખી ત્યાં તો અગિયાર થઇ ગયા. હવે હરિઃ ૐ તતસત્

o——o

સળગતા સંસારમાં શાંતિ આપનાર "હરિસ્મરણ અને કથા શ્રવણ" એજ છે.

દૃઢ નિશ્ચયને કશું અશકય નથી.

અનીતિનો એક પૈસો, નીતિના શિખર પરથી પાડે છે.

નાણાં અને ભાણાંએ કંઈકને સિદ્ધાંતમાંથી ગબડાવ્યા છે.

સંસ્કારો વિનાનું ઘર પશુઓના તબેલા જેવું લાગે

રૂઢિ નામની રાક્ષસી ભલાભલાને હેરાન કરે છે.

દેહના ખોરાક માટે હજારો ખર્ચો છો, આત્માના ખોરાક માટે પાંચ પચાસેય નહિ.



# પૂ. માના પુનિત પગલે પગલે આદિવાસી વિસ્તારમાં

તંત્રી

બારડોલીની શિબિર પછી અમારે પૂ. માશ્રી સર્વેશ્વરીના ગામ કપૂરા જવાનું થયું. ત્યાં ગયા પછી પૂ. માની આજ્ઞા અનુસાર વધુ ત્રણ દિવસ રોકાવાનું બન્યું. તે વખતે કલ્પના ન હતી એ રોકાણની પાછળ પ્રભુની કેવી મંગલ ઇચ્છા કામ કરી રહી છે ને કેવા અજાણ્યા લોકો ને પ્રદેશોને જોવાનું બનશે! પૂ. માના જીવનનું એક નવું પાસુ–આદિવાસીઓ પ્રત્યેના પ્રેમ અને કરૂણાનું જોવા મળ્યું.

બારડોલી શિબિર પછી પૂ. મા ત્રણચાર દિવસ કપૂરા રોકાવાનાં હતાં. તે દિવસોમાં ઘણા વખતથી આદિવાસી ભાઈબહેનોની પૂ. માનાં દર્શન કરવાની ઇચ્છા ને ભાવના હતી તે પૂરી થાય તે માટે શ્રી ઇશ્વરભાઈ ભકતે–પદમડુંગરી અને વાંકલાના બે કાર્યક્રમો રાખેલા. આ વિસ્તારના આદિવાસી કાર્યકર ભાઇઓને પૂ. માનો થોડો પરિચય શ્રી ઇશ્વરભાઇ મારફતે મળેલો. એટલે સ્વાભાવિક રીતેજ તેઓને પૂ. માનાં દર્શન કરવાની, એમના સ્વમુખે જીવન ઘડતરમાં ઉપયોગી થાય એવી થોડી વાતો સાંભળવાની ઇચ્છા હતી. એ આ રીતે પૂરી થઇ.

તારીખો પ્રમાણે કાર્યક્રમોનું આયોજન થયેલું એટલે તે દિવસો ચૈત્રી નવરાત્રીના આવે છે, તેનો ખ્યાલ શ્રી ઇશ્વરભાઈ અને પૂ. માને બન્નેને ન રહેલો. આ દિવસો દરમ્યાન પૂ. મા પાણી વગર કે પાણી પર ઉપવાસો કરતાં, એટલે

પ્રવાસનો થાક અને દિવસની ગરમી ભારે લાગે. છતાં જે કાર્યક્રમો નક્કી થયેલા, તેને પૂ. માએ પૂરા કર્યા.

'પદમડુંગરી' એ સંપૂર્ણ આદિવાસી વિસ્તાર. કપૂરા અને ઉનાઈ વચ્ચે અંબિકા નદીના કાંઠે, હાઇવેથી આઠ દસ કીલોમીટર વન વિસ્તારમાં એક "શ્રી યોગેશ્વર મહાદેવના સાન્નિધ્યમાં આદિવાસીઓ સાથેના મિલનનો આ સમારંભ શ્રી પૃથ્વીરાજ તેમજ શ્રી કલ્યાણભાઇ નામના આદિવાસી કાર્યકર ભાઈઓની પ્રેરણાથી યોજાયેલો.

યોગેશ્વર મહાદેવનું સુંદર શિવલિંગ-ખૂબ ગાઢા વન-વિસ્તારમાં આવેલું છે. એની આસપાસના ત્રણ કીલોમીટર જેટલા વિસ્તારમાં કોઇ ગામ કે વસ્તી નથી. આ મહાદેવ પણ આદિવાસી ઝૂંપડામાં વસે છે, એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નથી; કારણ કે શિવલિંગની આસપાસ કોઇ ઈંટ-ચૂનાની ચણેલી ઇમારત નથી. કેવળ વાંસ અને લાકડાના ગૂંથણની દિવાલો છે; માથે ગામઠી નળિયાની છત છતાં મંદિરના અંદરના ભાગમાં પ્રવેશ કરો એટલે એક પ્રકારની અલૌકિક શાન્તિનો અનુભવ સહજ રીતે થતો લાગે.

આ મહાદેવના પૂજારી તરીકે એક મહારાજ ત્રણેક વર્ષોથી પાસે બાંધેલાં ઝૂંપડામાં રહે છે. પ્રથમ નજરેજ માણસને લાગે કે આ ગરીબ આદિવાસીઓ વચ્ચે-મદ્ય અને માંસ-ભક્ષણથી બચીને આ સાધુ મહારાજ કેવી રીતે જીવતા હશે? એમની આજીવિકા કેમ ચાલતી હશે? જે પ્રજા આસપાસ વસે છે, તે તો અત્યંત ગરીબ અને પરાણે પોતાનો જીવન નિર્વાહ ચલાવે એવી સ્થિતિમાં જીવી રહી છે, એ લોકો શું આપી શકતા હશે! આવા બધા વિચારો મને સહેજે આવવા લાગ્યા.



આ વિસ્તારમાં-શહેરો કે સમૃદ્ધ ગામડાંઓની સુવિધા-ઓ નથી. અરે આ મહાદેવ સુધી જવાનો સારો રસ્તોય નથી. પગદંડીઓ છે. ગાડાં ચાલી શકે, પણ મોટરને લઇ આવતાં મુશ્કેલી પડે. કેટલો બધો પરિશ્રમ કરીને કાર્યકર ભાઇઓએ ખાસ્સા ત્રણસો-ચારસો ભાઈબહેનો બેસી શકે એવો મજાનો સમિયાણો પૂ. માના સ્વાગત માટે ઊભો કરેલો! એ જોઇ આશ્ચર્ય થયું. એમની ભાવના અને પરિશ્રમ માટે ભારે માન થયું.

થોડે દૂર એક ટ્રક ઊભેલી હતી. લાગ્યું કે મુખ્ય રસ્તાથી ત્રણચાર કિલોમીટરનો આ રસ્તો તાજેજ બનાવ્યો હશે.

પૂ. મા સાથે બે ગાડીઓમાં અમે નવેક જેટલાં ભાઈ બહેનો હતાં. હું મારા ધર્મપત્ની, ને ઈશ્વરભાઇ ઉપરાંત પરદેશથી આવેલ શ્રી મોરારભાઈ મિસ્ત્રી અને એમનાં પત્ની શાન્તાબેન પણ હતાં. તે ઉપરાંત પૂ. માનાં મોટાંબેન શારદા-બેનના પતિ શ્રી રમેશચંદ્રને પુત્રવધુ શ્રી નયનાબેન પણ ખાસ વીડિયો લઈ, પૂ. માની આ યાત્રાને કચકડામાં કંડારવા સાથે જોડાયાં હતાં. શ્રી લલ્લુભાઈ ને એમના પુત્ર ગાડી લઇ જોડાયા હતા.

શ્રી ઈશ્વરભાઈની સાથેની ગાડીમાં અમારે પ્રવાસ કરવાનો હતો. અને પૂ. માનું મૌન સવારે નવ વાગે પૂરું થવાનું હતું. એટલે એમણે વિચાર્યું કે આપણે આગળ જઇએ તો સારૂં. પૂ. માના આગમનની જાણ આગળ જઇ કરીએ. એટલે અમે પૂ. માનો દરવાજો ખુલે ને એમનાં દર્શન થાય તે પહેલાં પંદરેક મિનિટ વહેલાં નીકળ્યાં. મારા પત્નીને આ ન રૂચ્યું. એમણે કહ્યું "બે ગાડીઓ સાથે જ લઈએ તો શું વાંધો? પૂ. માનાં દર્શન કરીને જ નીકળીએ." પરંતુ શ્રી

ઈશ્વરભાઇને લાગ્યું કે એમ કરવાથી કદાચ મોડા પડાશે.

આખરે જે થવાનું હતું તેજ થયું. અમે વાંકલા પહોંચ્યા તો ખબર પડી કે ત્યાં તો કાર્યક્રમ જ નથી અને મુખ્ય કાર્યકર્તા ભાઈ પણ ત્યાં ન મળે! વળી પૂ. માની ગાડી પણ બહુ રાહ જોવા છતાં ન આવી. એટલે અમે કપૂરા પાછા ફર્યા. તો ખબર પડી કે પૂ. માની ગાડી તો બરાબર નવ વાગે જ નીકળી ગઈ છે. પણ બીજા માર્ગેથી. હવે અમે મૂંઝાયા. અમે વળી પાછા ફર્યા તો ખબર પડી કે અમારા કપૂરા તરફ નીકળી ગયા પછી તુરત જ પૂ. માની ગાડી આવી પહોંચેલી ને રસ્તા ઉપર એક કાર્યકરભાઇ પૂ. માને રસ્તો ચીંધવા સ્કુટર પર આવી પહોંચેલા. પૂ. માની ગાડી તેમની પાછળ કાર્યક્રમના સ્થળ પદમડુંગરી પહોંચી ગઈ છે. એ સાંભળી અમને નિરાંત થઈ. સાથે સાથે થયું કે આપણું આયોજન આમાં કંઇ કામ લાગતું નથી; 'ધાર્યું ધરણીધરનું જ થાય.' અમારે આગળ પહોંચવું હતું પણ પૂ. માજ અમારા પહેલાં પહોંચ્યાં.

પૂ. માને કાર્યકર ભાઈઓ ભગવાન રામના સમયમાં શ્રી શરભંગ ઋષિએ જ્યાં અનેક યજ્ઞો કરેલા તે પ્રાચીન સ્થળ ઉપર લઈ ગયા. હાલ તો ત્યાં કેવળ જંગલ જ જંગલ છે. પરંતુ એની જમીન ખોદતાં, તેમાંથી ભસ્મજ નીકળે છે, જેનો જીભ ઉપર મૂકતાં, એક જુદાજ પ્રકારનો ઘીમિશ્રિત સ્વાદ અનુભવાય છે. અહીં આપણને ભસ્મનો આખો ડુંગરજ જોવા મળે છે. એક રીતે આ ભૂમિ પર પગ મૂકતાં અમને આનંદ ને રોમાંચ થયાં. થયું કે આ તો એ ભૂમિ છે, જ્યાં પવિત્ર ઋષિમુનિઓએ અનેક વર્ષો સુધી તપ અને યજ્ઞો કરી વાતાવરણ અને ધરતીને પવિત્રતા ધરી છે. વળી



ભગવાન રામના વનવિચરણ સમયે એમના પદારવિંદની પદધૂલિથી આ ધરતી પુનિત થઇ છે. દંડકારણ્યનો (હાલના ડાંગ વિસ્તારનો) આ ભાગ એ રીતે હાલ ભલે આદિવાસીઓનો વસવાટ વિસ્તાર હોય, પણ એક સમયે તો ઋષિમુનિઓના આશ્રમોથી આભૂષિત ને પરમ પવિત્ર હતો, એમાં શંકા નથી.

પૂ. માએ ખૂબ શ્રદ્ધા ને ભાવપૂર્વક આ ભૂમિને પ્રણામ કર્યાં. અહીં સુધી વાહનોનો પહોંચવાનો કોઈ માર્ગ ન હતો. અહીંના ઉત્સાહી લોકોએ તે રાતોરાત તૈયાર કરેલો દેખાયો.

શ્રી શરભંગ ઋષિના આશ્રમની જગ્યાથી શ્રી યોગેશ્વર મહાદેવની જગા પણ ખાસ્સી ચારેક કીલોમીટર દૂર હતી. પૂ. મા જ્યારે ત્યાં પહોંચ્યાં ત્યારે ત્રણસો-ચારસો જેટલાં આદિવાસી 'ભાઇ-બહેનો ને બાળકો પૂ. માની રાહ જોઈ રહેલાં' કેવો ભાવ! તપ, સાધના કે ઉપવાસોની વાતોથી સાવ અનભિજ્ઞ એવા લોકો એક પવિત્ર વ્યક્તિને નીહાળવા કલાકોથી અહીં બેસી રહ્યાં હતાં, કારણ કે અમે આ સ્થળે પહોંચ્યા ત્યારે સવારે નવ ને બદલે બપોરના બાર વાગી ચૂકયા હતા. જેમની તપ અને સાધનાની વાતો સમજવાની કોઈ બૌદ્ધિક ભૂમિકાજ નથી, તેવા સીધા, સાદા, ભોળાં આદિવાસી ભાઈ બહેનો સમક્ષ શું કહેવું? એ પૂ. માની મૂંઝવણ હતી. પણ પૂ. માએ છેક શ્રોતાઓની બૌદ્ધિક ભૂમિકા ઉપર ઉતરી આવી સમજાવતાં કહ્યું, "તમે ઘરમાં ભગવાનનો ફોટો કે છબી ન રાખતાં હોય તો જરૂરથી રાખજો. રોજ તેને સવાર-સાંજ પ્રણામ કરજો અને તમોને આવડે તેવી ભાષામાં પ્રાર્થના કરજો. તમારાં સુખ દુઃખ એ પ્રભુને કહેજો. શ્રદ્ધા રાખજો કે એ બધાં એ સાંભળે છે. બીજુ જે જીભથી

પ્રભુનું નામ લેવાય, તે જીભથી વ્યસન ન કરાય. ખરાબ ન બોલાય. કોઇ જીવની હિંસા ન થાય. કોઇનેય દુઃખ ન પહોંચાડાય. પૂ. માને એ જાણી આનંદ થયો કે અહીંના શ્રી પૃથ્વીસિંહભાઈ જેવા કાર્યકરો–આ પ્રજાનાં જીવન સુધારવા એમના જીવનમાં સંસ્કારોનું સીંચન કરવા પ્રયત્નો કરી રહ્યા છે. એ માટે એમણે તેમને તેમજ શ્રી કલ્યાણભાઈ જેવા કાર્યકરોને અભિનંદન આપ્યા.

શ્રી પૃથ્વીસિંહભાઇએ આ પવિત્ર સ્થળના વિકાસ માટે રોજનો એક રૂપિયો આપે એવા ૧૦૦ જેટલા આદિવાસી ભાઇઓનો સાથ મેળવ્યો છે, તે ખરેખર અભિનંદનીય છે; કારણ કે પોતાની ઉન્નતિ માટે બીજાના ઉપર આધાર રાખવા કરતાં, પોતાની જાત ઉપર આધાર રાખવો એ ઘણું ઉત્તમ કાર્ય છે. એના વડે સાચી ઉન્નતિ સાધી શકાશે. પૂ. માએ તેઓશ્રીના આ સ્વાશ્રયી યજ્ઞમાં પોતા તરફથી રૂ. ૫૦૦ આપી આશીર્વાદ આપ્યા.

પ્રારંભમાં શ્રી પૃથ્વીસિંહભાઈએ પૂ. માનું સ્વાગત કર્યું હતું અને શ્રી ઇશ્વરભાઇએ પૂ. માનો પરિચય આપ્યો. આસપાસના આદિવાસી આગેવાન ભાઇઓએ પૂ. માનું ફુલમાળાઓથી ભાવભક્તિપૂર્વક અભિવાદન કર્યું.

પૂ. માએ શ્રી યોગેશ્વર મહાદેવના સ્થાનમાં જઇ પ્રાર્થના અને સ્તુતિ કરી હતી. આજે એવો યોગાનુયોગ હતો કે પોતાના ગુરુદેવ જ જાણે મહાદેવ સ્વરૂપે અહીં બિરાજમાન હતા. સ્થળનું એકાંત ને શાંત વાતાવરણ પૂ. માના મનને સ્પર્શી ગયું હતું. ઘડીભર એ બોલી ઊઠ્યાં કે “ આવા સ્થળે સાધકોની શિબિર કરી હોય તો કેવું સારૂં ! ”

એ પછી પૂ. મા અંબિકા નદીના પ્રવાહની વચ્ચે આવેલ



શીલા ઉપર અંકિત થયેલાં ભગવાન શ્રી રામનાં શ્રીચરણોનાં પદચિહ્નો તેમજ ચંદ્ર–સૂરજનાં પ્રતીકો જોવા ગયાં હતાં. નદીના ઢાળના પથરાળ માર્ગે બપોરે દોઢના સુમારે ઉઘાડે પગે ચાલવું કેટલું બધું કઠિન લાગે! પરંતુ પૂ. મા પ્રેમપૂર્વક એ ઉપર ચાલ્યાં અને આજે નિર્જળા હોવાથી, બપોરની ગરમી ઘણી અસહ્ય હતી, છતાં પૂ. માના મુખ પરની પ્રસન્નતા એવી જ હતી. પૂ. મા સાથે આવેલ બધાં જ ભાઈ-બહેનોએ પણ આ પવિત્ર પદચિહ્નોનાં દર્શન ખુલ્લે પગે ચાલીને જ કર્યાં. આ એજ નદીનો તટપ્રદેશ હતો જ્યાં પૂરાતન કાળનાં ભગવાન રામ, સીતા માતા અને અનુજ લક્ષ્મણ સાથે ફર્યા હતા. અંબિકા નદીનો પાતળો પ્રવાહ આ કપરા દુષ્કાળના સમયમાં પણ ચાલુ જોઇને આનંદ થયો. પૂ. માએ એ પ્રવાહને જાણે કે પુનિત કરવા માટે પોતાનાં ચરણારવિંદ એમાં ઝબોળ્યાં. સાથેના ભાઇબહેનોએ પણ એની પવિત્રતા માણી.

પૂ. માના ભાઈ એમનું વાહન ચલાવતા હતા. બપોરના બે વાગ્યાનો સમય થઈ ગયો હતો. ગરમી ઘણી હતી. પૂ. માએ આજે આ ભૂમિનો પ્રવાસ ખુલ્લા પગે ખેડ્યો હતો.

આદિવાસી બાઇબહેનો પ્રત્યેનો પૂ માનો ભાવ જોનારના હૃદયને સ્પર્શી જાય એવો હતો. એમને મન બધાંજ પોતાના સંતાનો છે–પછી ભલે કો’ક ભણેલો તો કો’ક અભણ, કોઈ સુધરેલો તો કોઈ પછાત, કોઈ ઉજળીઆત તો કોઇ મેલો ઘેલો–પણ બધા જ પૂ. માના તો સંતાનોને! એના વાત્સલ્યનો ખોળો એટલો વિશાળ કે સહુ એમાં સમાય જાય.

### અહં

પ્રવૃત્તિ સર્વ જીવનની, અહં-જોરે થતી રહે છે !
અહં સારા કે નરસામાં, પ્રવર્તેલું સદા રહે છે !
અહંની ચાલ અદ્‌ભુત છે ! અહં અમૃત ને વિષ પણ છે !
અહં શીલવંત અમૃત છે, અહં હિંસક હળાહળ છે !

*

### પ્રકૃતિ

જીવન કેવું જબરજસ્ત, પ્રકૃતિની પકડમાં છે !
ગુણોપ્રેરિત ગતિ એની, ઊતરતે ઢાળ વહેતી છે !
ખરો પુરુષાર્થ તો એ છે-ગતિ ઊર્ધ્વે પલટવી તે !
પ્રભુમાં દિલ પરોવાતાં, રૂપાન્તર પામતી રહે છે !

*

### સત્કર્મ

કૃપા, પ્રારબ્ધ, પુરુષાર્થ-મૂળે તો એકમાંથી છે !
જીવન-ઘટમાળમાં કિન્તુ, સ્વરૂપ એનાં નિરાળાં છે !
બધું તો એકનું એક જ-શરૂથી અંત સરવાળે,
થતાં સત્કર્મનું જે-તે પરાવર્તન થયેલું છે !

—રતિલાલ ભાવસાર



# શ્રી ગિરીશચંદ્ર ઘોષ

નારાયણભાઈ જાની
મૂળ લેખક : ક્રિસ્ટોફર ઇશરવુડ

[ શ્રી રામકૃષ્ણ પરમહંસનો અનોખો છતાં અદ્‌ભૂત શિષ્ય. ]

પીધેલી હાલતમાં કોઈક વાર ગિરીશ ખરાબ વર્તન કરી બેસતો. એકવાર નાટ્યઘર ઉપર પીધેલી હાલતમાં જાહેરમાં તેણે શ્રી રામકૃષ્ણદેવને કઠોર ને ગલીચ ભાષામાં ખૂબ ગાળો દીધી. આ પ્રસંગથી શ્રી રામકૃષ્ણ દેવના લગભગ બધાજ ભકતો એનાથી વિમુખ થઇ ગયા. પરંતુ ફક્ત શ્રી રામચંદ્ર દત્તે ગિરીશનો બચાવ કરતાં કહ્યું, " ગુરુદેવ, એણે એના સ્વભાવ પ્રમાણે ગાળો દઇને આપની પૂજાજ કરી છે. પછી ભગવાન કૃષ્ણ અને કાલીય નાગનું ઉદાહરણ આપતાં કહ્યું કે કાલિય નાગે ભગવાન કૃષ્ણને પૂછ્યું કે "જ્યારે આપે મને સ્વભાવગત રીતે ઝેરજ આપ્યું છે, ત્યારે હું આપને અમૃત શી રીતે ધરી શકું ?" શ્રી રામચંદ્ર દત્તની આ દલીલ સાંભળી શ્રી રામકૃષ્ણ પ્રસન્ન થયા અને બીજા ભકતોને કહ્યુ " આ રામચંદ્ર કહે છે તે સાંભળો !" પછી તેમણે ગિરીશની તેજ વખતે મુલાકાત લેવા ગાડી ભાડે કરી લાવવા સૂચના આપી.

વાસ્તવિક રીતે જોતાં, ગિરીશની સરખામણી ઝેરી સાપ સાથે કરવી તે અયોગ્ય ને થોડું વિચિત્ર કહેવાય. એના દુરાચારીપણા અંગે ઘણી બધી અતિશયોક્તિ કરવામાં આવી છે. પાછલી અવસ્થામાં તે લગભગ પવિત્ર સંત પુરુષ જેવો બની ગયેલો. ત્યારે જે ભકતો મળતા તેમને ગિરીશ મોટા-

ભાગે ભારપૂર્વક કહેતો કે યુવાનીમાં એણે કેટલાંય પાપો કર્યાં છે, ને જે કંઇ પરિવર્તન તેના જીવનમાં આવ્યું છે તે શ્રી રામકૃષ્ણદેવની કૃપાનું જ પરિણામ છે. વળી વાતવાતમાં તે ક્ષોભપૂર્વક કહેતો કે "મેં એટલો બધો દારૂ પીધો છે કે દારૂની બાટલીઓને જો એક બીજા ઉપર સીધી ગોઠવવામાં આવે તો એની ઉંચાઈ માઉન્ટ એવરેસ્ટની બરોબરી કરતી થઇ જાય!" એ ખરેખર ખૂબ દારૂ પીતો અને પીધેલી હાલતમાં તે હિંસક ને તકરારી પણ બની જતો. તે વેશ્યા-ઘરોની મુલાકાત પણ અવારનવાર લેતો અને શ્રી રામકૃષ્ણ-દેવને મળ્યો તે પહેલાં પંદર વર્ષ સુધી અફીણ પણ પીતો. આમ છતાં એવો એક પણ દાખલો જોવામાં નથી આવ્યો કે તે ધૂતારો, ઠગ, ઢોંગી, દુષ્ટ નિંદાખોર જાણીબૂજીને ક્રૂરતા આચરનારો હોય!

આ સમય દરમ્યાન શ્રી રામકૃષ્ણદેવનો પ્રભાવ ગિરીશ ઉપર ધીરે ધીરે પડવા લાગ્યો હતો. એક રાતે, એક વેશ્યાને ત્યાં ગિરીશે બેભાન થઈ જવાય એટલો દારૂ પીધો હતો. પરંતુ થોડું ભાન આવતાં વહેલી સવારે તે શ્રી રામકૃષ્ણને મળવા દોડી આવ્યો. તેને પોતાના આ દુર્ગુણો માટે ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો. આમ છતાં પોતાની સાથે ગાડીમાં એ દારૂની બાટલી લાવવાનું ભૂલ્યો ન હતો. દક્ષિણેશ્વર આવીને તે પરિતાપપૂર્વક ખૂબ રડ્યો ને શ્રી રામકૃષ્ણદેવના ચરણોને વળગી પડ્યો. ત્યાં અચાનક એને ફરીને દારૂની તલપ લાગી, પરંતુ આશ્ચર્યપૂર્વક જોયું તો જે ગાડીમાં તે આવ્યો હતો તે તો કયારનીય ચાલી ગઇ હતી! શ્રી રામ-કૃષ્ણ તેની આ ઇચ્છા કળી ગયા ને હસતાં હસતાં તેની દારૂની બાટલી જ નહિ પરંતુ તેના જોડા અને પછેડી પણ તેની સમક્ષ ધર્યાં. પોતાના એક ભક્ત મારફત તેમણે છાના-



માના ગાડી જાય તે પહેલાં એ ઉતરાવી લીધાં હતાં. દારૂની બાટલી જોતાંજ ગિરીશ પોતાની જાત ઉપરનો સંયમ ગુમાવી બેઠો અને બધાની દેખતાં જ નિર્લજની જેમ દારૂ ઢીંચવા માંડ્યો. અને આમ કરીને ફરી તે ભારે પશ્ચાતાપ કરવા લાગ્યો! આ જોઇ શ્રી રામકૃષ્ણદેવે કહ્યું, "જીવ ભરીને તુ પી લે, હું જાણું છું કે હવે વધું લાંબા વખત માટે તું એ પી શકવાનો નથી."

'બસ ત્યારથી" ગિરીશે પાછળથી કહ્યું કે "માદક પીણાંના વ્યસનમાંથી મુક્ત થવાનો પ્રારંભ થઈ ગયો. પરંતુ આ વ્યસનમુક્તિ ધીમી હતી; એટલું જ નહિ પણ શ્રી રામ-કૃષ્ણદેવની હાજરીમાં દારૂ પીવાનો આ છેલ્લો જ પ્રસંગ ન હતો.

લેખક તરીકે ગિરીશમાં ધર્મગ્રંથોના લખાણોની યથાર્થતા અંગેનો સંશયવાદ રહેતો. એ પોતે સારી રીતે જાણતો કે સરસ મજાની પદ્ય રચના કરવી એ તેને માટે કેટલું સહેલું હતુ! એથી એણે એકવાર શ્રી રામકૃષ્ણને કહ્યું, "મારે કોઈ ઉપદેશ સાંભળવો નથી. મારા નાટકોમાં ગાડુ ભરાય એટલાં ઉપદેશ વચનો મેં લખ્યાં છે, પણ એનાથી મને કોઇ ફાયદો થયો નથી. મારા જીવનમાં પરિવર્તન આવે એવું કંઇક તમે કરી દો" આ સાંભળી શ્રી રામકૃષ્ણદેવને ખૂબ પ્રસન્નતા થતી. એના આ શબ્દો ગિરીશની તેમનામાંની શ્રદ્ધાના કેવા દ્યોતક હતા! એમણે પોતાના ભત્રીજા રામલાલને ધર્મગ્રંથ-માંનો પેલો શ્લોક બોલવા સૂચના આપી. એ શ્લોકનો ભાવાર્થ કંઇક આવો હતો. "એકાંતમાં જાઓ ને ગુફામાં આંખ બંધ કરી બેસો, પરંતુ ત્યાં શાન્તિ નથી. શાન્તિ તો ત્યાં છે જ્યાં શ્રદ્ધા છે. શ્રદ્ધા જ બધી સાધનાનો પાયો છે."

ગિરીશે ફરી એકવાર નાટ્યપ્રવૃત્તિ છોડી દેવા અનુજ્ઞા

માગી; પરંતુ શ્રી રામકૃષ્ણે તે ચાલુ રાખવા જણાવ્યું. તેઓ હવે ગિરીશ જાણે નાનો બાળક હોય અને પોતે એના પિતા હોય એ રીતનો વાત્સલ્યપૂર્ણ વ્યવહાર એની સાથે કરતા. કદીક એમને ગિરીશ પ્રત્યે એટલો બધો ભાવ થઇ આવતો કે તેઓ પોતાના હાથે જ એને મીઠાઇ ખવડાવતા.

પછી એક દિન શ્રી રામકૃષ્ણે ગિરીશને કહ્યુ કે એણે દિવસમાં ઓછામાં ઓછા બે વાર તો ભગવાનને યાદ કરવા. એકવાર સવારે ને બીજીવાર સાંજે. પછી ગમે તેટલું કામ હોય તોપણ આ નિયમમાં ચૂક થવી જોઇએ નહિ. સાંભળવામાં તો આ ઘણું સરળ છે એમ ગિરીશને લાગ્યું. પરંતુ પછી વિચાર કરતાં એને જણાયું કે એનું જીવન તો ખૂબ જ અવ્યવસ્થિત છે. વળી એને કામપણ ખૂબ હોય છે. વળી પાછો એ બહુજ આવેગશીલ હોવાને લીધે તેમજ તાત્કાલિક જરૂરિયાતનાં કામોમાં રોકાઇ રહેતો હોવાથી, એના ખાવાના કે ઊંઘવાના સમયોનું કોઇ ઠેકાણું જ રહેતું નથી, ત્યારે તે ભગવાનને યાદ કરવાનું વચન શી રીતે આપી શકે? એથી પોતાના અંતરાત્માના અવાજ પ્રમાણે પોતાનાથી આ નહિ બની શકે એમ સ્પષ્ટ જણાવી દીધું.

આ સાંભળી શ્રી રામકૃષ્ણદેવે કહ્યું, 'ભલે તારાથી બે વાર નામ લેવાનું ન બને તો ખાતાં કે સૂતાં પહેલાં, ગમે ત્યારે એકવાર તો લઇશને?"

પરંતુ ગિરીશ આ વચન અંગે પણ બંધાવા તૈયાર ન હતો. સાચી વાત તો એ હતી કે કોઇપણ પ્રકારની આત્મ-શાસનની ટેવ તેના સ્વભાવને પ્રતિકૂળ હતી.

"ચાલ, ભલે ત્યારે, તારે Power of Attorney તારા વતીથી ભગવાનનું નામ લેવાનો તો મને આપી દઇશને? આ ક્ષણથી જ હું તારાવતીની બધી જવાબદારી ઉઠાવી લઉં



છું. તારે હવે કશું જ કરવાનું નહિ રહે."

આ સાંભળી ગિરીશ ખૂબ ખુશ થઇ ગયો. એને જાણે આનીજ જરૂર હતી. હવે હંમેશ માટે એને કોઇ જવાબદારી નહિ કે કોઇ વચનભંગનું પાપ નહિ. શ્રી રામકૃષ્ણના આ સૂચન સાથે તે તુરત જ સંમત થઇ ગયો. તેને પોતાને લાગ્યું કે હવે તો તે પવનની જેમ સાવ મુક્ત થઇ ગયો!

પરંતુ ગિરીશની આ ધારણા સાવ ખોટી પડી. એની પ્રતીતિ એને જલદીથી થઇ ગઇ. હવે એને સમજાયું કે એણે પોતાની જાતને ખરેખર તો શ્રી રામકૃષ્ણદેવની બંદી બનાવી દીધી હતી.

એક દિવસ જ્યારે કોઇ સામાન્ય બાબત અંગે ગિરીશ વાતચીત કરી રહ્યો હતો ત્યારે એનાથી કહેવાય ગયું. "હું આ કરી દઇશ." શ્રી રામકૃષ્ણદેવે તેના આ વિધાનને સુધારતાં તુરત જ કહ્યુ. "તારાથી એમ ચોક્કસ પણે કહી શકાય?—ઈશ્વરની ઇચ્છા હશે તો હું આ કરી શકીશ—એમ કહેવું જોઇએ. તે પછી, પોતાની બધી જ ઇચ્છાઓને શ્રી રામકૃષ્ણને સમર્પિત કરવાની ગિરીશ હંમેશ કોશીષ કરતો.

પાછલા વર્ષોમાં, તે યુવાન ભક્તોને કહેતો કે આધ્યાત્મિક જીવનમાં સંપૂર્ણ શરણાગતિનો માર્ગ એ આત્મ-નિર્ભરતા ને જાત ઊદ્યમના માર્ગ કરતાં ખરેખર ઘણોજ કઠિન છે. મારોજ દાખલો લોને, હું મારી મેળે શ્વાસ લેવાને પણ મુક્ત નથી." આ કહેવા પાછળ એનો ભાવાર્થ એ હતો એ પોતે પોતાની ઇચ્છાથી, ભગવાનની મદદ વગર, કશું જ કરવા સમર્થ નથી.

ગિરીશનું મૃત્યુ સને ૧૯૧૨માં થયું. જીવનમાં એણે સંપત્તિની ઘણી ચડતી પડતીઓ જોઇ હતી. ઉમદા સ્વભાવનો ને અનેક ઝંઝાવાતોની થપાટો સહીને ઘડાયેલો એનો દેહ,

જીવનના અંત સુધી શ્રી રામકૃષ્ણદેવમાં અચળ શ્રદ્ધાભક્તિ ધરાવતો. શ્રી રામકૃષ્ણદેવ સાથે પ્રસ્થાપિત થયેલા એના સંબંધથી અદ્ભૂત પરિણામ એ આવ્યું કે કલકત્તાનાં લગભગ બધાં જ નાટ્યગૃહોમાં આજે અભિનયના રંગમંચના પાછળના ભાગમાં શ્રી રામકૃષ્ણદેવનો ફોટો ટાંગેલો દેખાશે. આજે પણ બધા જ અભિનેતાઓ એમને પ્રણામ કર્યા પછી જ રંગમંચ ઉપર પ્રવેશ કરે છે. ગિરીશની નાટ્યકલાને શરૂઆતથી જ તેઓએ અનુમોદન તેમજ પ્રોત્સાહન આપ્યું તથા છેવટ સુધી નાટ્યપ્રવૃત્તિ લોકહિત માટે ચાલુ રાખવાની શ્રી ગિરીશને આજ્ઞા કરી. આથી બંગાળમાં નાટ્યપ્રવૃત્તિનો આશ્રય આપનાર સંત પુરુષ તરીકેની ખ્યાતિ આજે પણ શ્રી રામકૃષ્ણદેવ ધરાવે છે.


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.




## રે! મને...

રે! મને શીદ અનંગ સતાવે!
જીર્ણ-શીર્ણ તનુ તાવે
રે! મને શીદ અનંગ સતાવે!
વિશ્વામિત્ર નથી હું તપસી
ઈન્દ્રાસનનો કામી,
યયાતિવૃત્તિ તલભીતર ના
જાણે અંતરજામી;
યમનિયમ શમદમ અનુરાગી
શિવભક્તિ ઉર ગાવે...રે! મને.

કરી ભર્ત્સના કદી ન કામની
પરિહાસ વા રતિનો!
કદી ન કીધી મધુ-ઉપેક્ષા
વાદ કીધો ના જતિનો!
જેણે ભસ્મ કીધો રતિપતિને
યોગેશ્વર મન ભાવે...રે! મને.

રસના રટતી શિવશિવ ને
નયનો નગાધિરાજે,
મંગલધ્વનિ કર્ણામૃત રેલે
બ્રહ્મનાદ અણુ બાજે;
ઇન્દ્રિયગ્રામ ધામ અવિનાશી
રોમરોમ મુજ છાવે
રે! શીદ તોય અનંગ સતાવે?...રે! મને

ડા. રણજિત પટેલ (અનામી)

## ભારતવાસીઓને...

હે ભારતવાસીઓ ! તમે પરમાત્માના સંતાન છો. શાશ્વત સુખના ભાગીદાર છો; પવિત્ર અને પૂર્ણ છો. કહો નહિ કે તમે નિર્બળ છો. ઉભા થાઓ, મર્દ બનો, સબળ બનો. બધી જવાબદારી તમારા પોતાના શિરે લો, અને સમજો કે તમારા ભાગ્યના તમે પોતે જ નિર્માતા છો. જે કંઇ બળ અને સહાય તમારે જોઇએ છે, તે તમારી પોતાની અંદર જ છે.

× × ×

જ્યાં સુધી લાખો મનુષ્યો ભૂખમરા–અને અજ્ઞાની દશામાં સબડે છે, ત્યાં સુધી એ ગરીબોને ભોગે શિક્ષણ પામીને જે માણસ તેમના પ્રત્યે જરા પણ ધ્યાન આપતો નથી, એવા દરેકે દરેકને હું દેશદ્રોહી ગણું છું.

× × ×

આજની કે આવતી કાલની કોઈપણ સંસ્કૃતિ મનુષ્યની સારપ અને ધર્મની બુનિયાદ પર આધારિત નહિ હોય, તો તે ટકી શકવાની નથી. કેવળ આધ્યાત્મિક વિદ્યા જ આપણાં સર્વ દુઃખ હંમેશને માટે દૂર કરી શકે એમ છે. અન્ય કોઇપણ વિદ્યા આપણી જરૂરિયાત ફક્ત થોડા સમય પૂરતી જ સંતોષી શકશે.

—સ્વામી વિવેકાનંદ

Space donated by :-

**Anand Agencies**

Anand Bhavan, Near Jubilee Garden
Opp. Sardar bhavan, BARODA-390 001



# ગુરુકૃપાની લહાણ

વિજય પુરોહિત ( બાપજી )

સને ૧૯૭૯ ના માર્ચ મહિનામાં એક રાત્રે અમને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં ગુરુદેવ પ્રભુશ્રી યોગેશ્વરજી કેટલાક ભક્તો સાથે એક ખંડમાં બેઠા છે. તેમાં પ. પૂ. મા, પૂ. શ્રી ગુરુદેવ પ્રભુની બાજુમાં ઉભાં હતાં. બીજા પણ બહેનો બેઠાં હતાં. એક યુવાન પૂ. શ્રીના ખોળામાં માથું મૂકી સૂતો હતો, એને જોઇ અમને ક્ષણિક અહોભાવ થઈ આવ્યો કે આ મહાભાગ્યશાળી કોણ હશે ? અમે પૂ. શ્રીની સામે જ બીજા ખંડમાં બેઠા હતા. સૌ બેઠેલાઓને સંભળાય એ રીતે પૂ. શ્રી બોલ્યા, "રામકૃષ્ણ દેવના શિષ્ય હોય તે અહીં આવે."

અમે હોઠ ફફડાવી બીજાને ન સંભળાય એ રીતે કહ્યું, "હું છું, પણ નથી આવવાનો."

ત્યાંજ પૂ. શ્રીએ ફરીવાર કહ્યું, "રામકૃષ્ણદેવના શિષ્ય હોય તે અહિંયાં આવે." અમે પૂ. શ્રીને ન સંભળાય એ રીતે ફરી બોલ્યા, "હું છું, પણ નથી આવવાનો." અમારી બાજુમાં બેઠેલા એક ભાઈ બોલ્યા, "તમે રામકૃષ્ણ દેવના શિષ્ય છો તો કેમ જતા નથી ?" અમે જવાબમાં એ વ્યકિત સામે જોઈ માત્ર સ્વસ્થ દૃષ્ટિપાત કર્યો.

પ. પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ ત્રીજી વખત મોટેથી બોલ્યા, "રામકૃષ્ણદેવના શિષ્ય હોય તે અહિંયાં આવે."

"અમે પણ સર્વ પ્રકારનો સંકોચ છોડી મોટા સાદે કહ્યું, "હું છું પણ નથી આવવાનો, કારણ કે તમારી પાસે આવવાથી તમારી સાથે પ્રેમ થઇ જાય છે. અને હું આત્મસાક્ષાત્કાર કરી શકતો નથી. મારે પહેલાં આત્મ સાક્ષાત્કાર

કરવો છે.”

પછી પૂ. શ્રી અમારા પર એક વેધક દૃષ્ટિપાત કરે છે, અને સ્વપ્ન પૂરું થાય છે.

જાગતાં જ આનંદ આનંદ થાય છે, કારણ કે પરમપ્રિય એવા શ્રી ગુરુદેવ પ્રભુનું દર્શન અને તે પણ એક અવિસ્મરણીય વાર્તાલાપ સાથે સ્વપ્ન પૂરું થાય છે.

સવારે નિત્યક્રમ મુજબ ધ્યાન કર્યા પછી વિચાર આવ્યો કે, પ. પૂ. શ્રી યોગેશ્વરજીનાં પુસ્તકો પાલનપુર, ડીસા અને ધાનેરામાં આવેલ પુસ્તકાલયોને ભેટ આપીએ તો કેવું! આ વિચાર આવતાં કોઇ પણ પ્રકારનું ગણિત ગણ્યા વગર જ્યાં પૂ. શ્રી યોગેશ્વરજીનાં પ્રવચનો ચાલતાં હતાં તે, નડિયાદ શહેરમાં જવાનું નક્કી કર્યું. આસનો કર્યાં, પછી દૂધ પીને કારખાને જઇ મોટા ભાઇશ્રીની રજા લઇ અમે નડિયાદ માટે અતિ હર્ષ અને ઉત્સાહથી પૂ. ગરુદેવના દર્શન, શ્રવણ માટે રવાના થયા. તે વખતે અમારી સાથે પ્રભુના પ્રેમી શ્રી મેઘરાજભાઈ પણ નડિયાદ આવવા જોડાયા. કહો કે અજ્ઞાત રીતે અમે ખેંચાઈ ગયા.

આ જીવનમાં કેટલાક દિવસો આનંદની ચરમ સીમારૂપ અનુભવવા મળતા હોય છે. તેવા જ દિવસો એ સમયે નડીયાદમાં અમારા માટે હતા. એ મહાપુરુષનું દર્શન અને શ્રવણ અમારા માટે એક મહામૂલ્યવાન ધન હતું. જેને વારંવાર જોતા, સાંભળવા છતાં હૈયું ધરાતું ન હતું. જાણે જોયા જ કરીએ, સાંભળ્યાં જ કરીએ.

અહીં નાડિયાદમાં શ્રીસંતરામ મંદિરમાં પૂ. શ્રીનાં પ્રવચનો ચાલતાં હતાં. પ્રવચનોના છેલ્લા દિવસોમાં સવારે પૂ. શ્રી સામૂહિક ધ્યાનની બેઠક હોલમાં રાખતા. એ ધ્યાન વખતે પણ કેટલાક લોકો પૂજ્યશ્રીના શ્રીચરણોમાં પૈસા મૂકતા, તેથી



સાંજના પ્રવચન પછી પૂ. શ્રીએ જાહેરમાં કહ્યું કે સવારની ધ્યાનની બેઠક સમયે કોઇએ પૈસા મૂકવા નહીં. પૂજ્યશ્રીની સૂચના છતાં બીજા દિવસે સવારે ધ્યાનની બેઠકમાં લોકોએ પૈસા મૂકયા. પૂ. શ્રી તો ધ્યાન પછી રોજની જેમ સમયપર ઊભા થઇ ચાલતા થયા. પૈસાની વ્યવસ્થા કરનાર ભાઇ તે વખતે હાજર હતા નહીં. બીજા કોઇએ પણ એ તરફ લક્ષ્ય ન આપતાં એ પૈસા અમે લઈ, થોડીવાર તો એ ધીર, ગંભીર અને શાંત છતાં મધુર મંગલમૂર્તિ શ્રી ગુરુદેવની પાછળ પાછળ એમને જોતાં જોતાં ચાલતા રહ્યા. પણ પૈસા એમને આપી શકાયા નહીં. એવું માનીને કે એ મહાપુરુષને પૈસાની વાતથી કદાચ વિક્ષેપ થશે. તે ન થાય એ માટે પૈસા બપોરે આપવાનું વિચારી અમારી પાસે જ રાખ્યા.

બપોરની બેઠકમાં અમે વંદન કરીને પૂ. શ્રીને કહ્યું, “પ્રભુ, આ પૈસા.”

પૂ. શ્રી કહે, “શાના છે?”

અમે કહ્યું, “આપના છે.”

પૂ. શ્રીએ રમૂજ કરતાં પૂછ્યું, “હા, હા, અમારા છે, પણ શાના છે?”

અમે કહ્યું, “સવારે ધ્યાનની બેઠકમાં લોકોએ મૂકયા હતા તે છે.”

પૂ. શ્રીએ પૈસા હાથમાં લીધા ને કહેવા લાગ્યા, “પૈસાની બહુ જરૂર છે. એ તો રામકૃષ્ણદેવને પૈસાને સ્પર્શ કરતાં વીંછીના જેવો ડંખ લાગતો, બળતરા થતી, ભાઇ, અત્યારે તો સત્કર્મ માટે એની ખૂબ જરૂર છે.”

પૂ. શ્રી એમ બોલતા જાય ને નોટોને વ્યવસ્થિત ગોઠવતા જાય. બધી નોટોના નંબરવાળા ભાગને એક બાજુ રાખીને, એક, બે અને પાંચ રૂપિયાની નોટોને કોઈ બેંકનો નિષ્ણાત

કર્મચારી ગોઠવે એમ ગોઠવી. મેં તો સાધારણ રીતે નોટો ભેગી કરીને આપી હતી. મને હતું કે મેં સરખી ગોઠવીને તો આપીજ છે; પરંતુ નોટો યોગ્ય રીતે કેમ ગોઠવાય તે મને પ્રત્યક્ષ બતાવતાં હાસ્ય અને મધુર દૃષ્ટિપાત સાથે ભગવદ્‌ગીતાનો શ્લોક ટાંકતાં કહ્યું, "तस्मात् योगाय युजस्व योगः कर्मसु कौशलम् ।" પછી ઉમેર્યું, "તમારે પણ હજી કામો કરવાનાં છે. કોઈપણ કાર્ય સર્વાંગ સુંદર અને વ્યવસ્થિત રીતે થવું જોઇએ અને કર્તાપણાના ભાવ વિના થવું જોઇએ." પૂ. શ્રીના આ શબ્દો અમારી સ્મૃતિમાં અંકિત થયેલા તેના આધારે ટાંકયા છે. તેમાં કયાંક શબ્દોમાં હેરફેર થવા સંભવ છે. પરંતુ તેનો ભાવ તો યથાર્થ રીતે અમારી સમજ પ્રમાણે જાળવ્યોજ છે; કારણ કે અમારી તે સમયની નોંધના આધારે તેની રજુઆત કરી છે.

પૂ. શ્રી જ્યારે આ શબ્દો બોલી રહ્યા હતા ત્યારે અમે તો તેઓશ્રીનાં નયનોમાંથી વરસી રહેલી ગહન છતાં મધુર પ્રેમધારામાં નિમજ્જન કરવામાં મગ્ન હતા, કારણ કે મનમાં એક એવો ભાવ ઘર કરી ગયેલો કે હું તો એકાંતિક સાધનામાં મસ્ત ફકીર બનવા માગું છું. મારે તો કાંઈજ કામો કરવાં નથી. એટલે મારા મને એ શબ્દોનો સારગર્ભ સમજવાને બદલે તેઓશ્રીના મુખમંડળની મધુરાતિમધુર શ્રીનું પાન કરવાનું વધુ પસંદ કરી બેસી રહેલો. ત્યારે કયાં ખબર હતી કે ભવિષ્યમાં અમારે પણ કામ કરવાનું આવવાનું હતું અને તે સરસ રીતે થાય તે જોવાની અમારી જવાબદારી અંગે સૂચન હતું.

નડિયાદનાં પ્રવચનો પૂરાં થતાં, આધ્યાત્મિક ભાથું અને દિવ્ય પ્રેમની સ્મૃતિ યથાશકિત લઈ પાલનપુર આવ્યા. ૨૧, ૨૧ પુસ્તકોના બેસેટ પણ લઈ આવ્યા ને પુસ્તકાલયોને પૂર્વ



સંકલ્પ પ્રમાણે ભેટ આપ્યા.

કાળના પ્રવાહમાં સમય વીતતો ગયો, અને પૂ. શ્રીના પ્રવચનો યોજવાની અંતરમાં ઇચ્છા જાગી ને પ્રબળ થઈ. પ્રવચનો નક્કી થતાં પહેલાં જ અંતરમાં એનું આયોજન સહજ થવા લાગ્યું. એ ખર્ચ માટે વ્યકિતગત બચત અને અમારી સોનાની ચેનનો હીસાબ ગણી સંગ્રહી રાખ્યાં. અને પરમપ્રભુની પરમકૃપાએ સને ૧૯૮૨ ના સપ્ટેબરમાં પ્રવચનો યોજાયાં. પ્રવચનો ધાર્યાં કરતાં ઘણાં સફળ થયાં. "એક હીરા ઘસુ કારીગર માણસ આ આયોજન કરવામાં સફળ નીવડે એ કોને મનાય? છતાં આ એક અનોખી સત્ય ઘટના છે."

પરંતુ આમાં અમારી કોઇ શક્તિએ નહિ, પરંતુ અમારા પરમ પૂ. ગુરુદેવની શક્તિએજ અજ્ઞાતરૂપે સહાય પહોંચાડી હતી, એની પ્રતીતિ અમને હતી. ત્રણ વર્ષ પહેલાં તેઓશ્રીએ ઉચ્ચારેલા એ શબ્દોની સ્મૃતિ અમને વારંવાર થતી. "તમારે પણ હજી કાર્ય કરવાનું છે" એ શબ્દો સાચા ઠેરવ્યા. જો કે એ શબ્દો જ્યારે પૂ. ગુરુદેવે ઉચ્ચારેલા ત્યારે અમારા મનમાં કોઇ પણ પ્રકારના કાર્ય પ્રત્યે ઉપરામતા હતી, એટલે એનો અર્થ અમે નહિ સમજેલા. છતાં ભાગ્યવશાત્ તમારે જે કરવાનું છેજ, તે સમર્થ ગુરુની દૃષ્ટિથી છૂપુ રહી શકતું નથી. ભાવિના ગર્ભને ભેદીને તેઓ જોઈ શકે છે. ને ચેતવણી કે સૂચના પણ આપે છે. પરંતુ અહંભાવમાં ડૂબેલું મૂઢ મન તેને કેમ સ્વીકારી શકે ?

અમે અમારૂં એ ભાગ્ય સમજીએ છીએ કે અમને એવા સમર્થ ગુરુ સાથે જીવવાનો લહાવો પ્રભુએ આપ્યો અને આજે પણ એ ગુરુની શક્તિ અદૃષ્ટરૂપે સર્વ ગુરુ–અભિમુખ સાધકોને યોગ્યતા પ્રમાણે સહાય પહોંચાડે છે. એ ગુરુની અદૃષ્ટ શકિતનો જય હો. એ ગુરુને વંદન હો.

# વિષયમાં સુખ નથી.

હિમ્મતભાઈ રાવલ

સંતો-મહાત્માઓ પાસેથી આપણે વારંવાર સાંભળીએ છીએ. સત્શાસ્ત્રોમાં વાંચીએ છીએ કે આત્મવિકાસના પંથે પ્રગતિ સાધવા માટે, આપણા જીવનને ઉન્નત અને પવિત્ર બનાવવા માટે આપણે સંસાર સુખની આસક્તિ છોડવી પડશે. વિષય સુખો તજવા પડશે, કારણકે આ વિષય સુખો અનિત્ય છે; દુઃખદાયી છે; આપણા શરીર, ઇન્દ્રિયો, પ્રાણ, મન-બુદ્ધિ આદિની શક્તિ અને તેજને હણી લેનાર છે. વળી આ વિષયોમાં સુખ છે જ નહિ. સુખ છે આપણા પોતાના સ્વરૂપનું. વિષયમાંથી સુખ મળે છે એ તો ખાલી ભ્રાન્તિ છે, પરંતુ જીવ વિષયસુખો છોડી શકતો નથી. એ એમ માની રહ્યો છે કે વિષયમાંથી સુખ મળે છે. ભાવતું ભોજન મળે તો જીવને સુખ થાય છે, કર્ણપ્રિય સંગીત સાંભળવા મળે તો આનંદ આવે છે; રૂચિકર સ્પર્શ કે સુગંધ મળે તો એને મજા આવે છે-આમ વિષયોમાંથી સુખ મળે છે એવી જીવની દૃઢ માન્યતા બંધાઈ ગઈ છે. જો જીવને સમજાય કે ખરેખર વિષયોમાં સુખ નથી. સુખ આપણા સ્વરૂપનું છે. વિષયોમાંથી સુખ મળે છે એ તો ખાલી ભ્રાન્તિ છે.-આમ જીવને ચોક્કસ ખાત્રી થઈ જાય; તો એ વિષયોમાંથી નિવૃત્ત થાય. તો એ વિષયસુખ છોડવા તત્પર બને.

રઝળતા કોઈ કૂતરાને સૂકાએલ હાડકાનો ટૂકડો મળી જાય અને પછી એ એક સ્થળે બેઠો બેઠો ચગળ્યા કરે. એ વખતે એના મોંના પેઢા છોલાય અને એમાંથી નીકળતા લોહીનો સ્વાદ ચાખી એ એમ માને કે હાડકું બહુ સુખ



આપે છે. એને ખબર નથી, કે હાડકામાં તો લોહીનું ટીપુંયે નથી. લોહીનો સ્વાદ એનો પોતાનો છે, અને માની રહ્યો છે કે હાડકામાંથી સુખ મળે છે-આ જ વાત જીવને લાગુ પડે છે. ખરેખર સુખ એના પોતાના આત્મસ્વરૂપનું છે. વિષયોમાં તો સુખનું ટીપુંયે નથી. સુખનો લેશ અંશ પણ નથી. છતાં માની રહ્યો છે કે-વિષયોમાંથી સુખ મળે છે. એને ખબર નથી કે વિષયો તો એના પોતાના સ્વરૂપસુખ મળવામાં માત્ર નિમિત્ત બને છે.

આપણે રાત્રે ગાઢ નિદ્રામાં જ્યારે સૂતા હોઇએ છીએ; જ્યાં સ્વપ્ન પણ નથી, એવી સુષુપ્તિ અવસ્થામાંથી સવારમાં જાગ્યા પછી આપણે કહીએ છીએ કે આજે બહુ સરસ ઊંઘ આવી ગઈ. આજે હું સુખપૂર્વક સૂતો. બહુ આનંદથી સૂતો. ગાઢ નિદ્રામાં આ સુખ કયા વિષયમાંથી આવ્યું ? ત્યાં વિષય તો કોઈ છે નહિ. છતાં આ સુખનો અનુભવ એને કયાંથી થયો ? આ સુખ હતું એના સ્વરૂપનું-આત્માનું. એજ રીતે યોગી જ્યારે સમાધિમાં લીન બને છે અને અવર્ણ્ય આનંદ અનુભવે છે, ત્યારે એ સુખ કે આનંદનો અનુભવ યોગીને શેનો થયો ? ત્યાં પણ કોઇ વિષય નથી. છતાં સુખનો અનુભવ થાય છે, એ સુખ કયાંથી આવ્યું ? એ સુખ હતું એના આનંદસ્વરૂપ આત્માની ઝલકનું. એજ રીતે ભજનાનંદીને ભજનમાં સુખ મળે છે. ધ્યાનીને ધ્યાનમાં સુખ મળે છે, આ બધાં સુખ કયા વિષયોમાંથી મળે છે ? ત્યાં કોઇ વિષયો નથી. એ સુખ છે પોતાના આત્માનું.

આમ સુખ વિષયમાં નથી એ સાબીત થાય છે, જો વિષયમાં સુખ હોય તો એ વિષય સર્વને સુખરૂપ લાગવો જોઈએ. પરંતુ એવું બનતું નથી, કોઈ વિષય એકને સુખરૂપ હોય તો બીજાને દુઃખરૂપ પણ હોઈ શકે. દા. ત.-અફીણ

અફીણીને સુખકર લાગે છે; જ્યારે બીજાને એ ઝેર સમાન લાગે છે. જો અફીણમાં સુખ હોય તો એ સર્વને સુખકર લાગવું જોઈએ. પરંતુ એમ બનતું નથી. ઘણા વિષયો એવા છે કે જે એકને પ્રિયરૂપ હોય એ બીજાને અપ્રિય પણ હોઈ શકે. આથી સાબિત છે કે સુખનો સંબંધ અફીણ સાથે નથી. પરંતુ માણસના મન સાથે છે-મનથીએ પર એવા આત્મા સાથે સુખનો સંબંધ છે.

એજ રીતે કોઇ મિત્રને ત્યાંથી ભોજનનું નિમંત્રણ મળ્યું. આપણે જમવા ગયા. પૂણ્યના ઉદયે ભાવતી વસ્તુ-દૂધપાક-મળી ગયો. એક વાટકો જમ્યા. બે વાટકા જમ્યા. ત્રણ જમ્યા. ગળાસુધી આવી ગયા. પછી તો દૂધપાક સામે જોતાં પણ ઊબકા આવે એવી સ્થિતિ થઇ ગઈ. એવામાં પાસે જમવા બેઠેલ મિત્ર આગ્રહપૂર્વક ચોથો વાટકો પણ આપણા પાત્રમાં ઝીકી દે. ત્યારે એ મિત્ર અને દૂધપાક આપણને કેવાં લાગે? મિનિટ પહેલાનો મિત્ર શત્રુ જેવો લાગે. મિનિટ પહેલા જે દૂધપાક અતિ સુખકર હતો; એ ઝેર સમાન થઈ પડે. આમ કેમ? જો દૂધપાકમાં સુખ હોય તો એ સુખ સદાય ટકવું જોઇએ. એ દૂધપાક સદાય સુખકર લાગવો જોઇએ. ઘડી પહેલાં સુખકર લાગતો દૂધપાક મિનિટમાં કેમ ઝેર સમાન બન્યો? દૂધપાકમાં સુખ નથી, સુખનો સંબંધ દૂધપાક સાથે નહિ; પરંતુ સુખનો સંબંધ આપણી અંદર હતો. આથી સાબિત થાય છે કે સુખ વિષયોમાં નથી. પદાર્થોમાં નથી.

આમ વસ્તુ કે વિષયમાં સુખ નથી. મન અથવા ચિત્તની શાંત અથવા સ્થિર વૃત્તિમાં આપણા આનંદસ્વરૂપ આત્માની પડતી ઝલકનું સુખ છે. મન અસ્થિર કે અશાંત હોય, મન ચિંતાગ્રસ્ત અથવા ઉપાધિથી ઘેરાએલ હોય; ત્યારે ભાવતું ભોજન કે મનગમતો વિષય મળશે તો પણ આનંદ નહિ



મળે. એ અનુભવની વાત છે.

જ્યારે આપણે કોઇ વિષય કે પદાર્થની ઇચ્છા કરીએ, પદાર્થની આશા કે તૃષ્ણા રાખીએ; ત્યારે આપણું મન અસ્થિર બને છે. એ વિષય કે પદાર્થ મને કયારે મળે? મને કયાંથી મળે? કેવી રીતે પ્રાપ્ત થાય? આ જાતના વિચારો મનમાં ચાલતા હોય છે. એ વખતે મન અથવા ચિત્ત શાંત નથી હોતું. એટલે એ સમયે આપણા મનની અશાંત વૃત્તિ-માં આનંદસ્વરૂપ આત્માની ઝલક નથી ઊઠતી અને આપણને સુખનો અનુભવ નથી થતો. પરંતુ જે સમયે એ વિષય કે પદાર્થ પ્રાપ્ત થઇ ગયો; એજ ઘડીએ મન શાંત બની ગયું. અને મનની એ શાંત વૃત્તિમાં આનંદસ્વરૂપ આત્માની ઝલક પડવાથી સુખનો અનુભવ થયો અને આપણને ભ્રાંતિ થઇ કે વિષય મળવાથી મને સુખ થયું. બાકી સુખ તો હતું આપણા આનંદસ્વરૂપ આત્માની ઝલકનું. વિષય કે પદાર્થ તો મનની વૃત્તિને શાંત કે સ્થિર કરવામાં નિમિત્ત હતો.

અસ્થિર જળમાં આપણા મોંનું સ્પષ્ટ પ્રતિબિંબ નહિ ઊઠે; પરંતુ સ્થિર અથવા શાંત જળમાં મોંનું પ્રતિબિંબ સ્પષ્ટ ઊઠશે. એજ રીતે મનની અસ્થિર વૃત્તિમાં આનંદસ્વરૂપ આત્માની ઝલક નહિ ઊઠે; જ્યારે મનની સ્થિર વૃત્તિમાં સ્પષ્ટ ઊઠશે. વિષય પ્રાપ્ત ન હતો ત્યાંસુધી મનની અસ્થિર વૃત્તિમાં આત્માની ઝલક ઊઠતી ન હતી. વિષય મળતાં મન શાંત થયું અને મનની એ શાંત અથવા સ્થિર વૃત્તિમાં આત્માની ઝલક ઊઠી અને સુખનો અનુભવ થયો. એથી માની બેઠા કે વિષય મળવાથી સુખ થયું.

આમ જ્યારે જીવને સમજાય અને અનુભવાય કે વિષયો-માં સુખ નથી, સુખ છે આપણા પોતાના સ્વરૂપની ઝલકનું. વિષયો તો સ્વરૂપ સુખના અનુભવ માટે એક નિમિત્ત બને

છે. વળી આ વિષયસુખો અનિત્ય છે; દુઃખદાયી છે; આપણા શરીર, ઇન્દ્રિયો, પ્રાણ, મન કે બુદ્ધિની શક્તિ અને તેજને હણનારા છે. વળી વિષયસુખો પરાવલંબી છે. જ્યારે આત્મ-સુખ નિરાલંબી છે. વળી આ આત્મસુખ આપણા શરીર, ઇન્દ્રિયો, પ્રાણ, મન કે બુદ્ધિને શક્તિશાળી અને તેજસ્વી બનાવનાર છે. સ્ફુર્તિ અને તાજગી અર્પનાર છે. આવું જીવને સ્પષ્ટ સમજાય અને અનુભવાય તોજ જીવ વિષય-સુખોથી પાછો ફરી શકે.

પદાર્થો દુઃખરૂપ નથી, પદાર્થ જ્યારે વિષય બને છે; ત્યારે જ એ દુઃખરૂપ બને છે. પદાર્થમાં જ્યારે રાગ જન્મે, આસક્તિ થાય, મોહ કે મમત્વ જાગે; ત્યારે પદાર્થ વિષય બને છે. અને ત્યારે જ એ દુઃખરૂપ બને છે. બાકી ઈશ્વરે રચેલું જગત દુઃખરૂપ નથી, સ્ત્રી, ધન, ઘર, વાડી કે ગાડી –આ બધી ઈશ્વરરચિત સૃષ્ટિ દુઃખરૂપ નથી, પરંતુ એમાં જ્યારે રાગ થાય; આસક્તિ જન્મે; ત્યારે એ દુઃખરૂપ બને છે. સમષ્ટિરૂપ પરમાત્મા તરફથી પ્રાપ્ત થએલ એ પદાર્થો-માંથી મોહ કે મમત્વ છોડી; એના ટ્રસ્ટી થઇને રહીએ; અને જળપ્રલય, ધરતીકંપ કે દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં એ પ્રાપ્ત ધન કે પદાર્થ સમષ્ટિ માટે જ ખર્ચીએ. સમષ્ટિરૂપ પરમાત્માને જ અર્પણ કરીએ તો એ ધન કે પદાર્થ દુઃખના કારણ નહિ બને; પરંતુ સત્કર્મ ઉપાર્જનનાં સાધન બનશે.

(મહાલક્ષ્મી પરાશેરી નં. ૨, લખતર, જિ. સુરેન્દ્રનગર.)



આધ્યાત્મિક સાધનાની દૃષ્ટિએ

# ઉત્તરાયણ પર્વની નોંધપાત્ર વિશેષતાઓ

શાન્તિકુમાર જ. ભટ્ટ

પૃથ્વીની વાંકી સ્થિતિ તથા સૂર્યની આસપાસની વર્તુલા-કાર ગતિને કારણે સૂર્ય પૂર્વપશ્ચિમ ભ્રમણ કરે છે એમ જણાય છે. તે ઉપરાંત નિયમિત રીતે ઉત્તરથી દક્ષિણ અને દક્ષિણથી ઉત્તર તરફ જતાં પણ જણાય છે. પૃથ્વીના અર્ધા ભાગ ઉપર દિવસ હોય ત્યારે બાકીના અર્ધા ભાગ ઉપર રાત્રિ હોય છે. તેની પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રીઓને ખબર હતી. પૃથ્વીના ગોળા ઉપર સૂર્ય દક્ષિણમાં કયાં સુધી જાય છે તથા ઉત્તરમાં કયાં સુધી જાય છે તેપણ આ ખગોળ-શાસ્ત્રીઓએ અભ્યાસ કરીને શોધી કાઢ્યું હતું તથા સૂર્ય કઇ કઈ રાશિઓમાંથી પસાર થાય છે તેપણ તેમણે ગણતરી કરીને શોધી કાઢ્યું હતું. વિષુવવૃત્તની ઉત્તરે સાડીતેવીસ અક્ષાંશની રેખા ઉપર સૂર્ય આવે ત્યારે તે કર્ક રાશિ પરથી પસાર થાય છે અને વિષુવવૃત્તની દક્ષિણમાં સાડીતેવીસ અક્ષાંશની રેખા ઉપર સૂર્ય આવે ત્યારે તે મકર રાશિ પરથી પસાર થાય છે. અંગ્રેજીમાં આ બંને રાશિઓ કેન્સર તથા કેપ્રીકોર્ન તરીકે ઓળખાય છે.

૨૨ મી ડિસેમ્બરે સૂર્ય મકરવૃત્ત ઉપર હોય છે અને ત્યારપછી તે ઉત્તર તરફ કર્ક રાશિ તરફ જતો હોવાથી ભૌગોલિક દૃષ્ટિએ આ દિવસથી મકરસંક્રાન્તિ થાય છે. પ્રાચીન સમયમાં આ દિવસે નવા વર્ષની તથા શિશિર

ઋતુની શરૂઆત થતી. મહાભારતમાં 'શિશિરાદયઃ' કહી આ બાબતનો ઉલ્લેખ કર્યો છે તથા શંકરાચાર્યે પણ 'શિશિર-વસન્તૌ' કહી વર્ષની શરૂઆતનો ઉલ્લેખ શિશિર ઋતુથી કર્યો છે. ૨૨ મી ડીસેમ્બરે મકરસંક્રાન્તિ વિશે મતભેદ હોવાથી ૨૫ મી ડીસેમ્બરના દિવસને ઇસુ ખ્રીસ્તના જન્મ-દિવસ સાથે જોડવામાં આવ્યો છે. સૂર્યના મકરસંક્રાન્તિમાં પ્રવેશની બાબતમાં પણ મતભેદ હોવાથી જૂના ગ્રહ લાઘવ પંચાંગ પ્રમાણે ૧૪ મી જાન્યુઆરીએ મકરસંક્રાન્તિ થાય છે જ્યારે શુદ્ધ નિરયન પંચાંગ પ્રમાણે ૧૦ મી જાન્યુઆરીએ મકરસંક્રાન્તિ થાય છે. આ દિવસથી પૃથ્વીના ઉત્તર ગોળાર્ધ-માં દિવસો લાંબા થતા જાય છે અને રાત ટૂંકી થતી જાય છે અને દક્ષિણ ગોળાર્ધમાં દિવસો ટૂંકા થતા જાય છે તથા રાત લાંબી થતી જાય છે. જેમ ઉત્તરધ્રુવ કે દક્ષિણધ્રુવ તરફ જઇએ તેમ આ ફેરફાર ઘણી ઝડપથી થતો જણાય છે.

પ્રાચીન સમયથી એવી માન્યતા ચાલી આવી છે કે ઉત્તરાયણ પછી છ માસ દરમિયાન જે મનુષ્ય મૃત્યુ પામે તેની સદ્ગતિ થાય છે અને છ માસ દક્ષિણાયનના હોય તે દરમિયાન મૃત્યુ પામે તેની સદ્ગતિ થતી નથી. મહાભારતના સમયમાં આવી માન્યતા પ્રચલિત હતી. ભીષ્મ પિતામહ આ દક્ષિણાયનના સમયમાં અસંખ્ય તીરોથી ઘવાયા હતા. આ બધા તીરો શરીરમાંથી કાઢી લેવામાં આવે તો તરત જ તેમનું મૃત્યુ થાય તેમ હતું. પરંતુ તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી હોવાથી તેમણે પોતાના સંકલ્પબળથી મૃત્યુને રોકી રાખ્યું તથા ઉત્તરાયણ પછીજ મૃત્યુ પામવાનો સંકલ્પ કર્યો જેથી સદ્ગતિ થાય. આમ ઉત્તરાયણ ભીષ્મ પિતામહની સાથે સંકળાયેલ છે.

ભીષ્મ પિતામહ અસંખ્ય બાણોથી ઘવાઇને શરશૈયામાં



પડ્યા હતા ત્યારે નારદ મુનિએ સહુને કહ્યું કે, 'હવે ભીષ્મ પિતામહ ટૂંક સમયમાં જ છેલ્લા શ્વાસ લેશે. માટે જેને જે પ્રશ્નો પૂછવા હોય તે પૂછો. મનમાં જે શંકા હોય તે પ્રશ્ન પૂછીને દૂર કરો, જે જિજ્ઞાસા હોય તે સંતોષી લો. આવા મહાજ્ઞાની સિવાય તમને ચોક્કસ સાચા જવાબો કોણ આપશે?'

પરંતુ મૃત્યુ પથારીએ પડેલા માનવી પાસે તો એની તબિયતના સમાચાર પૂછી શકાય પણ જ્ઞાન મેળવવા સવાલો કેમ પૂછી શકાય? રાજાઓ ભીષ્મ પિતામહની નજીક ગયા પણ એમના શરીરની ભયંકર હાલત જોઈ તેઓ એક પણ સવાલ પૂછી શકયા નહીં. બધાએ શ્રીકૃષ્ણને વિનંતી કરી કે, 'તમે જ ભિષ્મ પિતામહને અમારા વતી સવાલો પૂછો.'

ભગવાન શ્રીકૃષ્ણે જોયું કે આવા મહાજ્ઞાનીનું જ્ઞાન એમના મૃત્યુ સાથે વિદાય લે તે યોગ્ય નથી. એ જ્ઞાનનો લાભ સમગ્ર માનવજાતિને મળવો જોઇએ. એટલે પ્રથમ તો શ્રીકૃષ્ણે ભીષ્મ પિતામહને એમની તબિયતના સમાચાર પૂછ્યા. શરીર ચાળણી જેવું બની ગયા છતાં ભીષ્મ પિતામહે યોગ દ્વારા તમામ વેદનાને જીતી લીધી હતી. તેઓ સંપૂર્ણ શાન્ત, સ્વસ્થ અને પ્રસન્ન હતા. ભગવાન શ્રીકૃષ્ણે એમને એમના જ્ઞાનનો લાભ યુધિષ્ઠિરને તથા ત્યાં એકઠા થયેલા રાજાઓ વગેરેને આપવા વિનંતી કરી અને જણાવ્યું કે, 'તમે જો તમારા વિશાળ જ્ઞાનનો વારસો આપી જશો તો જ્યાં સુધી આ પૃથ્વી અચળ રહેશે ત્યાં સુધી તમારી કીર્તિ પણ આ જગતમાં અક્ષય રહીને ઉપર નીચેના સર્વ લોકોમાં સંચાર કરશે.' આમ આ ઉત્તરાયણ સાથે જે વિશાળ, ઊંડું અને મહાન જ્ઞાન સંકળાયેલું છે તે મહાભારતના છેલ્લા ભાગમાં શાન્તિપર્વ તરીકે સંઘરાયેલું છે. ઉત્તરાયણ પછી છ

માસમાં મૃત્યુ પામવાથી અર્થાત્ વધુ ઊંચી આધ્યાત્મિક દશામાં અયન કરીને-જઈને મૃત્યુ પામવાથી જ મોક્ષ મળે છે એવો આનો સૂક્ષ્મ અર્થ છે.

મનુષ્યને સામાન્ય, પ જેવા જીવનમાંથી ઊંચા આધ્યાત્મિક જીવનમાં લઈ જનાર મહાજ્ઞાનની યાદગીરીનો આ ભવ્ય તહેવાર છે. શાન્તિપર્વમાં પ્રત્યેક મનુષ્યે કેવી દૃષ્ટિએ વિચારવું તથા કેવું વર્તન રાખવું તે દૃષ્ટાન્તો સહિત સમજાવ્યું છે. અને તેનો આશય મનુષ્યના મનને શાન્તિ આપવાનો છે. આમાં એમણે સમગ્ર પ્રાચીન ભારતીય વિચારધારાનો સાર આપી દીધો છે. ઉત્તરાયણથી આ જ્ઞાન આપવાની ભીષ્મ પિતામહે શરૂઆત કરી તે મહા મહિના સુધી ચાલી અને પછી જે જે અવયવને તેઓ પ્રાણરહિત કરતા ગયા તેમાંથી બાણ આપોઆપ નીકળી ગયાં અને મસ્તકમાર્ગે તેમના પ્રાણ નીકળી ગયા.

ઉત્તરાયણનો અર્થ સત્ય સાઇબાબાએ સરસ કર્યો છે. ઉત્તરાયણ-ઉદ્-તર-અયન એટલે ઊંચે જવું અર્થાત્ વધારે ઊંચે જવું, જીવનને વધારે ઊંચે લઈ જવું. આ વિષય ઉપર એમણે એક મનનીય પ્રવચન આપ્યું હતું જે 'સત્ય સાઇ સ્પીકસ' નામની ગ્રંથમાળામાં છપાયેલ છે. પ્રાચીન ધર્મગ્રંથોમાં ઊંચે ઉડતું પંખી ઉપમા માટે એક સરસ સાધન મનાયું છે. પંખી ગમે તેટલું ઊંચે ઊડે પણ છેવટે તો તે પાછું માળામાં જ આવે છે એમ જીવ છેવટે તો ભગવાનની પાસે જ આવે છે. પતંગ ગમે તેટલો ઊંચે ઉડે પણ જ્યાં સુધી તેની દોરી કોઈના હાથમાં હોય ત્યાં સુધી જ તે ઉડી શકે. એમ સંયમરૂપી દોરી પકડેલી હોય ત્યાં સુધી જ જીવનમાં ઉચ્ચ વિહાર કરી શકાય છે.

ઉત્તરાયણનો તહેવાર સૂર્ય સાથે સંકળાયેલ છે. સંસ્કૃત-



માં સૂર્ય માટે પતંગ શબ્દ છે. (દા. ત. વિકસતિ હિ પતંગસ્યો હચે પુંડરીકં) ભારતમાં પતંગ ઉડાડવાની કલા અત્યંત પ્રાચીન હોઈ તુલસીદાસજીએ રામાયણમાં પતંગનો ઉલ્લેખ કર્યો છે. આમ પતંગરૂપ સૂર્ય સાથે સ્થૂલ પતંગને જોડી દઈ આ તહેવાર પતંગ ઉડાડવાનો તહેવાર પણ બની ગયો.

પ્રાચીન ભારતમાં આ દિવસે તલની સાથે ગાયનું દાન કરવાનો રિવાજ હતો. આ દિવસે જલાશયમાં સરિતામાં કે સાગરમાં સ્નાન કરવાનું માહાત્મ્ય પ્રાચીન સમયથી ચાલ્યું આવે છે. નવા વર્ષના દિવસે અમેરિકનો, કેનેડીઅનો તથા યુરોપીઅનો પણ જામી ગયેલા બરફમાં કૂવો બનાવી બરફ નીચેના પાણીમાં ડૂબકી મારી આ તહેવાર ઉજવે છે! આ દૃશ્ય નજરે જોઈ કેનેડામાં મેં સારાય શરીરમાં ધ્રુજારી અનુભવી હતી! આ દિવસે કાળા તલ વાટીને તે શરીરે ચોળી સ્નાન કરવાનો મહિમા પ્રાચીન શાસ્ત્રોએ ગણાવ્યો છે. દેવીપુરાણમાં જણાવ્યું છે કે ઉત્તરાયણના દિવસે દાનમાં જે વસ્તુ અપાય તે દાતાને દરેક જન્મમાં મળ્યા જ કરે છે.

ઉત્તરાયણનો તહેવાર મહારાષ્ટ્રમાં જૂની કડવાશ ભૂલી જઈ મીઠા સંબંધો સ્થાપવાનો તહેવાર ગણાય છે. કોઈ મહારાષ્ટ્રીઅન સાથે આપણને સારા સંબંધ હોય તો તે તલના સાકરિયા ચણા આપીને કહે છે કે "તિળગુળ ઘ્યા ગોડ બોલા."

ગુજરાત આદિ ઉત્તરના રાજ્યોમાં ગામો તથા શહેરોમાં ગાયોને બાફેલું અનાજ ખવડાવાય છે હિમાલયના પ્રદેશોમાં આ દિવસે લોટની કણીકમાંથી પંખી બનાવી તેને ઘીમાં તળીને બાળકના ગળે બાંધવામાં આવે છે. પછી બીજે દિવસે તે કાગડાને ખવડાવાય છે.

દક્ષિણ ભારતમાં તિન્નવેલીમાં આ દિવસે સમુદ્રસ્નાનનો મહિમા છે. કુંભકોણમમાં શ્રીકૃષ્ણે હેમ ઋષિને આ દિવસે દર્શન દીધાં હોવાથી ત્યાં મેળો ભરાય છે. એ જ દિવસે ત્યાં પથ્થરના હાથીને સુંદરેશ્વર દેવે શેરડી ખવડાવી હતી.

મકરસંક્રાન્તિની દેવી પણ કલ્પવામાં આવી છે. તે સો યોજન લાંબી લાંબા, હોઠવાળી તથા લાંબા નાકવાળી છે. દર વર્ષે આ સંક્રાન્તિ આગળ વધી જ્યાં જાય ત્યાં ઉત્પાત મચે છે અને જે દેશમાંથી જાય ત્યાં સમૃદ્ધિ આવે છે એવી માન્યતા છે. આ સંક્રાન્તિ દેવીએ સંકરાસુરનો નાશ કર્યો હતો. ક્યાંક આ દિવસે પાડોશીનું કલ્યાણ ઇચ્છવા તેના આંગણામાં ચોખા વેરવામાં આવે છે અથવા નારિયેળ મૂકવામાં આવે છે.

આ દિવસે ગુપ્તદાનનો મહિમા ઘણો હોઈ તલના લાડવામાં સિક્કો રાખી તે દાનમાં અપાય છે.

મકરસંક્રાન્તિમાં મકર શબ્દનો અર્થ મગર થાય છે તથા કર્ક અશબ્દનો અર્થ કરચલો છે. આ બંનેય જીવ નિશ્ચયવાદી હોઇ આ નિશ્ચયને દૃઢ બનાવવાનો પણ તહેવાર છે. આર્યોએ ધ્રુવપ્રદેશો તથા બરફથી છવાયેલા પ્રદેશોમાં ઘણો સમય વીતાવ્યો હોવાથી ઉત્તરાયનથી શરૂ થતા વધુ પ્રકાશ અને વધુ ગરમીના આગમનને તેઓ તહેવાર રૂપે વધાવે એ સ્વાભાવિક છે.

(૨૭, જીવન સંતોષ સોસાયટી, A ૬/૮ જીવનવીમા નગર, બોરીવલી વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૧૦૩)



# મૌન

ભાઇલાલભાઈ છાટબાર

( Cosmic consciousness–બ્રહ્મચૈતન્યનું દ્વાર )

**મૌન માટે આવશ્યક સંયમ:**

૧. ખાસ જરૂરી વાતો સિવાય બીજી વાતો કરવી કે સાંભળવી નહિ.

૨. ખાસ જરૂરી વિચાર સિવાય બીજા વિચાર કરવા નહિ.

૩. ખાસ જરૂરી કામ સિવાય બીજાં કામ કરવાં નહિ.

૪. અત્યંત આવશ્યક વિષય વિશે જ પૂછવું.

૫. પૂછેલી વાતનો આવશ્યક હોય તો જ ઉત્તર આપવો.

૬. ઉત્તર પણ શક્ય એટલો સંક્ષિપ્ત હોય તો વધારે સારું.

૭. પૂછયા વગર વાત ન કરવી.

૮. નવ ભાગ મૌન અને એક ભાગ મિતભાષિતા–એ મૌનસાધના માટેની ગુરુચાવી છે.

**મૌનના લાભ:**

૧. મૌન સહજ રીતે અમધુર સંભાષણમાંથી બચાવે છે.

૨. મૌન સત્યથી વેગળી વાતોના ઉચ્ચારણમાંથી બચાવે છે.

૩. મૌન વધારે પડતા વાણીવિલાસમાંથી સાધકનો બચાવ કરે છે.

૪. મૌન ઊર્મિઓના આવેગો અને ઉત્તેજનાઓનું નિયંત્રણ કરે છે.

૫. મૌન સંવેદનોની અરાજકતાને નિયંત્રિત કરવામાં સહાય કરે છે.

૬. શારીરિક પીડા અને માનસિક સંતાપ વખતે મૌનનું પાલન શાંતિદાતા બની રહે છે.

૭. મૌનથી ઘણો સમય મળે છે અને આત્મસાધન માટે તે સમયનો સદ્‌ઉપયોગ થાય છે.

૮. મૌન દરમ્યાન જપ, પ્રાર્થના, ઇશ્વરસ્મરણ, સદ્‌વિચારો અને સદ્‌ગ્રંથોનું સેવન વગેરે થાય છે.

૯. મનની વેરવીખેર શક્તિઓનું કેન્દ્રીકરણ કરવામાં મૌન ઘણી સહાય પહોંચાડે છે.

૧૦. મૌન શાંતિનો પ્રસાદ લઇ આવે છે, જે શાંતિ ધન, સત્તા કે પ્રતિષ્ઠાથી કદી આવી શકતી નથી.

**મિતભાષિતા:**

૧. મિતભાષિતા પણ મૌનનો એક પ્રકાર છે.

૨. મુખરિત વાચાળ વ્યક્તિ પોતાની શક્તિનો અતિવ્યય કરે છે.

૩. લાંબાં લાંબાં સંભાષણો, નિરર્થક ચર્ચાઓ અને અહંમૂલક વાક્‌પટુતાનો આડંબારી પ્રવાહ મનના મૌન માટે બાધક છે.

૪. મૌન સાધનાનો સાધક તાર્કિક ચર્ચાઓથી દૂર જ રહે છે.

૫. માહિતી નિષ્ણાત હોવાનું પ્રદર્શન કરવાની વૃત્તિથી હંમેશા બચીને ચાલવાનું રહે છે.

૬. મૌન છોડ્યા પછી પણ મિતભાષી બની રહેવાનું હોય છે.

૭. મૌનના બે સમયગાળા વચ્ચે મિતભાષિતાને વરનાર સાધક ઉપર શાંતિનું વરદાન ઊતરે છે, જે શાંતિ પૈસો, પદ કે પ્રતિષ્ઠા આપી શકતાં નથી.

**મૌન-માનસ તપ :**

૧. મૌન એ માત્ર વાણીનું નહિ પરંતુ મનનું તપ છે.

૨. મૌન-માનસ તપ છે. તે મનને ઠંડુ કરે છે.



૩. વાણીનું મન ક્રમે ક્રમે મનના મૌન તરફ લઇ જાય છે.

૪. શબ્દોના અભાવરૂપી મૌન એ ખરેખરું મૌન નથી.

૫. મૌનપાલન વખતે કાગળ-પાટીમાં લિખાપટ્ટી કરી વિચારોની આપ-લે કરવી એ મૌન નથી.

૬. મૌનની પાછળ ચેતનાનો સાગર રહેલો છે.

૭. મન-બુદ્ધિના પરિઘ તૂટી જતાં સાંપડતું ચેતનાનું સુમધુર સ્મિત એ મૌન સાધનાનું મહામૂલું માણિક્ય છે.

**મનનું મૌન :**

૧. કોઈ પ્રશાંત સ્થળે એકાંતમાં બેસીને મૌનનો આશ્રય લઇને શાંતિસાગરમાં ડૂબકી લગાવવાની છે.

૨. અંતરના અંતરતમનું મૌન વડે પ્રક્ષાલન કરવાનું છે.

૩. મનના મૌનમાં જ-મન અ-મન થઇ જતાં-દર્શનનો પ્રારંભ થાય છે. બહિર્મુખી મનની ઉપસ્થિતિમાં અતીન્દ્રિય દર્શન અસંભવ છે.

૪. નામ-રૂપ અને દેશ-કાળ રૂપી મનની માયાના મૃગજળના ખેલથી પર થતાં, મૌનમાં અતીન્દ્રિય દ્વાર ખુલી જાય છે.

૫. અતીન્દ્રિય દ્વાર ખુલી જતાં સમસ્ત સાધનાના સારરૂપ 'પરમ' એક માત્ર બાકી રહી જાય છે.

૬. મૌન સાધ્ય થતાં સમગ્ર અસ્તિત્વ સંપૂર્ણતાથી ભરપૂર બની રહે છે.

૭. આ સહજ સંપૂર્ણતા શ્વાસપ્રશ્વાસની સાથે સુસંવાદી તાલમેલ ઊભો કરે છે.

**સહજ સ્વયંભૂ શાંતિ :**

૧. સહજ સ્વયંભૂ શાંતિ એ મૌનનું પરિચાયક બળ છે.

૨. અંતરંગ મૌન સ્થાપિત થતાં જીવનમાં પળે પળે એક શબ્દાતીત આનંદનો અનુભવ સતત્ ચાલુ રહે છે.

૩. મૌન દ્વારા પ્રાપ્ત થતો આનંદનો આ પ્રકાશ સંસારનું રૂપ બદલી દે છે.

૪. મૌનનું સંવાદમય સંગીત અંતરના અંતરતમમાં, ચૈતન્ય સાથે સમરસ બની જતાં, જીવન સાર્થક અને ધન્ય બની રહે છે.

૫. મન–પ્રાણ–બુદ્ધિની સીમાઓમાં બદ્ધ બની રહેલું ખંડજીવન, મૌન સિદ્ધ થતાં, અખિલાઇનું સ્વરૂપ ધારણ કરે છે.

૬. મૌનીને માટે અનુકૂળ–પ્રતિકૂળ, સકામતા–નિષ્કામતા જેવું કાંઇ રહેતું નથી.

૭. જીવન સહજ ભાવે જીવવામાં જ જીવનની પરિપૂર્ણતાનો અનુભવ થાય છે.

૮. મન–પંખી આત્મચેતનાની ડાળે માળો બાંધી નિજ ઘરને પામે છે.

**મૌન સિદ્ધિ :**

૧. મૌનની ક્રમિક ત્રણ અવસ્થા છેઃ–(૧) મૌનમાં રહેવું (૨) મૌનમાં સ્થિર થવું અને (૩) મૌનમાં જીવવું.

૨. મૌનમાં જીવવાની ચરમ કક્ષા સિદ્ધ થતાં, વિશ્વ-ચૈતન્યનું નિગૂઢ મૌન પોતે સાધકના પાર્થિવ દેહની અંદર સ્પંદિત અને આંદોલિત થઇ ઊઠે છે.

૩. ચિન્મયના નિગૂઢ મૌનનો આમ સંપર્ક સધાતાં અને તેનું મૌન છોડાવતાં, તે અવારનવાર સાધક સાથે વાત કરવા લાગે છે. પરિણામે અંતરના અંતરતમમાં અમૃતધારા હિલોળા લેવા લાગે છે.

૪. એક સમયબિન્દુ પર જ્યારે, શબ્દરૂપી પરિધાનો દૂર થઇ જાય છે અને ધ્વનિમૂલક શબ્દનું સ્થાન નિર્વિચાર નિર્વિકાર અને નિઃસ્પંદ મૌન લે છે ત્યારે મૌન વાણીથી



પણ વધારે મુખરિત બની રહે છે.

૫. ચિન્મયના નિગૂઢ મૌનને સ્પંદિત અને આંદોલિત કરી દેનાર પાર્થિવ મનુષ્યના મૌનની ભાષા પછી તો ઇશ્વરની ભાષા બની રહે છે.

૬. આવું–ધરતી જેનાથી ધન્ય બને તેવું–ફળદાયી મૌન સત્યનો દીવો પ્રગટાવે છે અને મનુષ્યમાં જે અનશ્વર લાવણ્ય છે, તેની અમર જ્યોતનો પ્રકાશપુંજ સદાકાળ માટે રેલાવે છે.


ઉત્સાહપૂર્વક ઉદ્યોગ કરવાથી અંતે વિજય મળે છે.
–શ્રીનાથવચનામૃત

IS:10001

ઓ. ૨૫૬૬૮
ફે. ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. ૪૬૪૭૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# મનની એકાગ્રતા

સંકલનઃ-ઝિંઝુવાડિયા કનૈયાલાલ

મોક્ષ અને બંધનનું કારણ મન છે. આ મનના વિકાસ અને એની એકાગ્રતા સાથે માનવજીવનનો વિકાસ રહેલો છે. સંકલ્પ શક્તિ અને આત્મશ્રદ્ધાનો સીધો સંબંધ મનની એકાગ્રતા સાથે હોવાથી સંકલ્પવાન માનવીએ મનની એકાગ્રતા સાધ્ય કરવી અત્યંત આવશ્યક છે.

જ્યાં જ્યાં મન એકાગ્ર થાય છે ત્યાં કુદરતી રીતે જ બે વસ્તુઓ સાધ્ય બને છે. (૧) આનંદ (૨) ઉત્પાદક સામર્થ્યોનું સર્જન.

કોઇપણ કાર્યમાં આપણે ઓત-પ્રોત થઈ જઇએ, ત્યારે કાર્યના અંતે કે મધ્યે પણ આનંદ અનુભવાય છે. કાર્ય ગમે તે પ્રકારનું હોય પરંતુ આપણું મન જ્યાં એકાગ્ર થાય છે, ત્યાં આનંદ અનુભવાય છે. સિને-સૃષ્ટિના રંગો નિહાળવામાં, નવલકથા વાંચવામાં, પ્રિયપાત્ર સાથેના વિનોદમાં, કલરવ કરતાં નાનાં ઝરણાં કે સાગરના ઉછળતાં પ્રચંડ મોજાં નિહાળવામાં, ઉષાના કે સંધ્યાનાં રંગો જોવામાં કે કોઈ પણ વિષયમાં આપણું મન સંપૂર્ણ એકાગ્ર થાય છે, ત્યારે આપણને આનંદની અનુભૂતિ થાય છે.

આ આનંદ સામેના પદાર્થ કે વિષયમાંથી આવતો નથી પરંતુ આપણા મનની એકાગ્રતામાંથી આવે છે. દા. ત. સિનેમા જોતી વખતે કે શિખંડ જમતી વખતે જે આનંદ આવે છે, તે આનંદ સિનેમા કે શિખંડમાંથી આવતો નથી પરંતુ મનની એકાગ્રતાને લીધે અનુભવાય છે. એ જ સિનેમા કે શિખંડ આપણું મન વ્યગ્ર હોય ત્યારે બીજી વખતે



આનંદ આપી શકતાં નથી. એટલે કે આનંદ પદાર્થગત નહીં પરંતુ ચિત્તગત છે. ચિત્ત જ્યાં જ્યાં એકાગ્ર થાય ત્યાં ત્યાં આનંદની અનુભૂતિ થાય છે.

મંત્ર જપતી વખતે, ધ્યાન વખતે, સ્વાધ્યાય વખતે કે પ્રભુના નામસ્મરણ વખતે અનુભવાતો આનંદ મંત્ર, ધ્યાન, સ્વાધ્યાય કે નામસ્મરણમાંથી નથી આવતો, પણ એ વખતે સાધ્ય થયેલી મનની એકાગ્રતામાંથી આવે છે. જો એ વખતે મન પૂરેપૂરું એકાગ્ર થયેલું હોય તો મંત્ર, ધ્યાન, સ્વાધ્યાય કે નામસ્મરણને અંતે આનંદ આનંદ અનુભવાય છે. પરંતુ મન એકાગ્ર ન હોય તો આનંદની અનુભૂતિ થતી નથી. એટલે વ્યવહાર કે પરમાર્થ, કોઈ પણ ક્ષેત્રમાં આનંદ અનુભવવો હોય તો મનને એકાગ્ર કરવું અનિવાર્ય છે.

એકાગ્રતામાંથી આનંદ ઉપરાંત સામર્થ્ય શક્તિ પણ આવે છે. રૂ વેરણ-છેરણ હોય ત્યારે ચકલી એને ઉપાડી જઈ, માળામાં ગોઠવી દે છે, પણ એ જ રૂ એકત્રિત કરી એનું દોરડું વણવામાં આવે તો એ દોરડું ઝાડ સાથે બાંધીને હાથી જેવા શકિતશાળી પ્રાણીને પણ ઝુલાવી શકાય. વેરણ-છેરણ રૂને એકત્રિત કરવાથી એમાંથી એક મજબૂત બળ ઉત્પન્ન થયું.

સૂર્યના વેરવિખેર કિરણોથી બહુ બહુ તો ઠંડી ઊડે પણ એમાંથી અગ્નિ પ્રગટી શકે નહિ, પણ એજ કિરણોને બહિર્ગોળ દફકાચ દ્વારા એકત્ર કરવામાં આવે તો એમાંથી અગ્નિ પ્રગટ થાય છે. આવું જ આપણ મન વિષે છે. હાલ આપણા મનની સ્થિતિ વેરવિખેર કિરણો કે જુદા જુદા કરેલા સ્પેરપાર્ટસવાળી મશીનરી જેવી છે, જેનો એક સ્ક્રુ ઓફિસમાં, એક ઘરના દીવાનખાનામાં, એક બપોરના ભોજનમાં, એક મિત્રમંડળમાં, એક ગઇકાલે કોઇએ કરેલા અપમાનમાં, એક

લૉટરીના ઇનામની ઝંખનામાં, એક કોઇને ઉથલાવી પાડવાની પેરવીમાં આમ આખી મશીનરી વેરવિખેર થઇ ગઈ છે. એટલે એના વડે ધાર્યું કાર્ય કરી શકાતું નથી. પરંતુ આપણા મનને ભૂતકાળના માન-અપમાનમાંથી, વર્તમાનના વિતંડાવાદમાંથી અને ભવિષ્યના શેખચલ્લીના તરંગોમાંથી ખેંચી લઇ નક્કી કરેલા કાર્યમાં એકાગ્ર કરીએ તો એમાંથી અદ્ભુત શક્તિ પ્રગટ થાય છે.

વરાળ ગમે તેટલી વિપુલ જથ્થામાં પણ વેરવિખેર હોય તો એનાથી કશું જ સ્થાયી પરિણામ પ્રગટી શકતું નથી. એથી ઊલટું, તે ભલે નાના જથ્થામાં હોય પણ એને એક બંધ સ્થળે એકત્રિત કરી હોય તો એ મોટાં મોટાં યંત્રો અને એન્જિનો ચલાવે છે. વધુમાં વધુ બુધ્ધિશાળી માણસ પણ જો મનને એકાગ્ર કરી શકતો ન હોય તો એનાથી કશું જ નક્કર કાર્ય થઇ શકશે નહિ. એથી ઊલટું, અલ્પબુદ્ધિ-વાળો પણ પૂર્ણ એકાગ્રતાવાળો માણસ આ જગતમાં કાંઇક નક્કર કાર્ય પાછળ મૂકીને જશે. મનની પૂરેપૂરી એકાગ્રતા વિના વ્યવહારનું સામાન્ય કાર્ય પણ સારી રીતે થઇ શકતું નથી. પછી જેણે મહાન કલાકાર, સ્થપતિ, શિલ્પશાસ્ત્રી, ઉદ્યોગપતિ, શિક્ષણશાસ્ત્રી, લોકનેતા, તત્ત્વવેત્તા, સંતપુરુષ કે વિશિષ્ટ પ્રતિભાસંપન્ન માનવી થવું છે, જેણે જગતમાં અસામાન્ય કાર્યો કરી પોતાની જાતને અભ્યુદયને શિખરે સ્થાપિત કરવી છે, એવી વ્યકિતએ મનની એકાગ્રતા કેળવવી અતિ આવશ્યક છે. (ક્રમશઃ)

[ડૉ. જે. પી. અમીનના પુસ્તકના આધારે]



## મહાશક્તિ લક્ષ્મી

લક્ષ્મી એ તો સાધકનો વિકાસ કરવાને માટે મોટામાં મોટું સાધન છે. એ જેવો એનો ઉપયોગ કરે તેવો ને તેટલો લાભ મેળવી શકે. એનો પ્રતાપ નરકનાં દ્વાર પણ ખોલાવી શકે અને સ્વર્ગમાં પણ લઇ જઈ શકે. એટલે આપણી દૃષ્ટિ જો ભગવાન તરફ વળેલી હશે તો લક્ષ્મીનો સાચો ઉપયોગ કેમ કરવો અને તેનાથી કરીને આપણને વધારેમાં વધારે લાભ કેમ મળી શકે તે આપણને જરૂર સૂઝયા વિના રહેવાનું નથી. લક્ષ્મી એટલે ખરાબ અને આપણું અધઃપતન કરનારી છે, એવા ખ્યાલો કદી પણ રાખવા નહિ. એ તો મહાશક્તિનું સ્વરૂપ છે. એ જેના ઉપર રીઝે તેનું તે સર્વ પ્રકારે કલ્યાણ કરી શકે છે. માતા પ્રત્યે આપણે મા તરીકે જ જો વ્હાલ રાખ્યા કરીએ તો તે શું કદી આપણું અકલ્યાણ થાય એવી રીતે વર્તી શકે ખરી?

—પૂ. શ્રી મોટા

Space donated by :-
**Milan Eng. Works**
Dabhoi Road, Pratapnagar,
BARODA-390,004.

## ભગવાન મહાવીરનું પ્રદાન

अहिंसा परमो धर्मः ।

એક કીડી પર મારો પગ ન પડે એની સાવધાની રાખવામાં હું પેલા દિવ્યગુંજન પ્રત્યે આદર બતાવું છું. એમાંજ માણસ તરીકેની મારી ખાનદાની રહેલી છે. એમાં કીડીની ચેતનાનો સ્વીકાર છે અને કીડીની ચેતનાને નિમિત્તે વિશ્વની વ્યાપક ચેતનાનું અભિવાદન છે....

અહિંસાનું આવું વિજ્ઞાન પ્રચલિત કરવાનું, લોકો સુધી પહોંચાડવાનું કામ ભગવાન મહાવીરે કર્યું છે. અહિંસાને જૈન ધર્મમાં 'પરમ ધર્મ' કહ્યો, તેને આવા વિશાળ સંદર્ભમાં ન જોઈએ તો અહિંસાની સંકલ્પનાને ન સમજવા બરાબર છે. આજે પણ જૈન સાધુઓનો પ્રયત્ન એવી રીતે જીવવાનો હોય છે કે જેથી વિશ્વ નિર્મિતિમાં ઓછામાં ઓછી ખલેલ પડે અને સૃષ્ટિના ગુંજનનો લય ખોરવાય નહીં. પ્રદૂષણને કારણે, ઘોંઘાટના કારણે, યુદ્ધના કારણે કે પરિગ્રહના કારણે લય ખોરવાય છે. સાચો જૈન સતત આમ ન બને તેની તકેદારી રાખી જીવવા મથે છે. જીવમાત્રના જીવનના હકનો આવો સ્વીકાર, એ જૈન દર્શનની મૌલિકતા છે. જગતના બીજા કોઈ ધર્મે આવા સ્વીકારને 'પરમ ધર્મ'નો દરજ્જો આપ્યો નથી.

—ગુણવંત શાહ

---

Space donated by :-
**Volga Freeze**
Mahajan Lane, Raopura Road,
BARODA-390,001.

---



શ્રી યોગેશ્વરજીની આત્મકથા

## પ્રકાશના પંથે

(ગતાંકથી ચાલુ)

સં. પરમાર્થી

### કેટલાંક પ્રસંગોને અનુભવો

### (૧) સરીલામાં

મસૂરીમાં મારા પ્રવચનોમાં અવારનવાર આવતા સરીલા નરેશે મને એક દિવસ સરીલા આવવાનું આમંત્રણ આપ્યું. મૌખિક આમંત્રણથી સંતોષ માનીને બેસી રહેવાને બદલે એ આમંત્રણને પાકું કરવા માટે પત્ર પણ લખ્યો.

સરીલા લોજ,
મસૂરી
૬–૯–૬૫

શ્રી ૧૦૮ શ્રી યોગેશ્વરજી મહારાજ,

મૈં આપકો નિમંત્રણ કરતા હૂં કિ ઇસ લાડેમેં આપ સરીલા રાજ્ય પધારેં ઔર હમારે પરિવારકો વ સરીલાકી જનતાકો શ્રી ગીતા સુનાવેં.

અતિ કૃપા હોગી.

આપકે પધારનેકો ૧ ડિસેમ્બર બહુત અચ્છા હોગા. દિલ્લીસે ઝાંસી ઔર વહાં સે માનિકપુર લાઇન પર હરપાલપુર સ્ટેશન.

શુભ ચિંતક
મહિપાલસિંહ
સરીલા નરેશ.

એ આમંત્રણને અનુસરીને અમે સરીલાની મુલાકાત લેવાનું નક્કી કર્યું. સરીલાના મહારાજા અગાઉથી નિશ્ચિત કર્યા પ્રમાણે અમને દિલ્હીમાં પણ મળ્યા અને કાર્યક્રમની

સુવ્યવસ્થા માટે બે ત્રણ દિવસ અગાઉથી સરીલા ગયા. એમનો પ્રેમભાવ પ્રામાણિક હતો. એની એવી રીતે પ્રતીતિ થઈ.

રાજપ્રાસાદના પ્રાંગણમાં સુંદર મંડપ બાંધવામાં આવેલો. ત્યાં સત્તર દિવસ સુધી સાંજે દોઢ કલાક ગીતા પ્રવચનો ચાલ્યાં. સરીલા નરેશ પોતે એ અવસર પર રાજકુટુંબ સાથે સાદો ભારતીય પોશાક પહેરીને ત્યાં સાંભળવા બેસતા. છેલ્લે દિવસે મારા દ્વારા એમના પૌત્રનું નામકરણ પણ કરવામાં આવ્યું.

સરીલા નગર છેક જ સાધારણ અને પછાત લાગ્યું. એનો સમુચિત વિકાસ નહોતો સધાયો. એક રાજ્ય તરીકેના એના વિલીનીકરણ પહેલાં પણ એનું સ્થાન એટલું બધું મહત્ત્વનું નહોતું મનાતું. તો પણ સરીલા નરેશની નામના ઘણી સારી હતી અને રાજવીમંડળમાં એમનું સ્થાન આગળ પડતું ગણાતું. એ અતિશય નમ્ર, ઉદાર અને પરગજુ હતા. એમને મળ્યા પછી મને થયું કે ભારતમાં સારા રાજાઓનો અભાવ નથી.

સરીલાથી પ્રયાણ કર્યા પછી અમે ખજુરાહોની અને ચિત્રકૂટની મુલાકાત લીધી.

## (૨) કલકત્તામાં

ઇ. સ. ૧૯૬૭ પછી સત્સંગ પ્રેમી બેન અમરકુમારીના આમંત્રણને માન આપીને અમારે બે વાર કલકત્તા જવાનું થયું, ત્યારે દક્ષિણેશ્વરના દર્શનનો લાભ વરસો પછી અનાયાસે મળી ગયો. દક્ષિણેશ્વરનું દર્શન અત્યંત આનંદદાયક થઇ પડ્યું. ત્યાંના શાંત, સુંદર, સ્વર્ગીય વાયુમંડળમાં અમે ભૂતકાળની સંસ્મૃતિઓને તાજી કરતાં સારો સમય પસાર કર્યો.

કલકત્તાના સુપ્રસિદ્ધ કાલીમંદિરમાં અપાતા પશુઓના બલિદાનની પ્રથાને પેખીને અમને પીડા થઈ. આઝાદીનાં



આટલાં વરસો પછી પણ એવી પ્રથા ટકી રહી છે એ આશ્ચર્યકારક છે. એનો અંત આણવા લાગતા વળગતા સૌ કોઇએ કટિબદ્ધ બનવું જોઇએ. દેશમાં કોઇએ કારણે જીવહિંસા ના થાય તેનું ધ્યાન રાખવું જોઇએ.

કલકત્તામાં અમે નેતાજી સુભાષચંદ્ર બોઝના નિવાસસ્થાનને જોવા ગયા, ત્યારે સુભાષબાબુના ભાઈએ અમને એમની સ્મૃતિમાં સચવાયેલી વસ્તુઓ બતાવી. મે કહ્યું: 'નેતાજી અહીંથી એકાએક અદૃશ્ય થઈ ગયા તે પહેલાં કાંઇ વાંચતા હશે ?'

'હા', તેમણે ઉત્તર આપ્યો, 'નિયમિત રીતે વાંચતા હતા.'

'શું વાંચતા ?'

'એમને બે પુસ્તકોનું વાચન પુષ્કળ પ્રિય હતું. એક તો સ્વામી વિવેકાનંદનાં પ્રવચનોનું ને બીજું શ્રીમદ્ ભગવદ્ ગીતાનું.'

'ગીતાનું ?'

'હા. એ અવારનવાર કહેતા કે ગીતામાંથી મને નિષ્કામ કર્મયોગની, માતૃભૂમિને માટે કાંઇક કરી છૂટવાની પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. એ પ્રેરણાને સાર્થક કરવા માટે હું આજકાલ કાંઇક વિચારી રહ્યો છું.'

એમના શબ્દો આશ્ચર્યકારક હોવા છતાં સાચા હતા. ગીતાએ કેવળ સર્વસંગત્યાગી વિવિક્તવાસી ત્યાગી પુરુષોને જ પ્રેરણા નથી આપી પણ વસ્તીની વચ્ચે વસનારા ને વિચરનારા વર્તમાન ભારતના નિર્માતા કે પ્રેરણાદાતા કર્મવીરોની પણ તે પ્રેરણાદાત્રી બની છે. નેતાજીને પણ એણે અસાધારણ અસર પહોંચાડી છે.

## (૩) સદ્‌ભાગી સાક્ષર

વડોદરામાં થિયોસોફીકલ સોસાયટી તરફથી મારાં પ્રવચનો

યોજાયાં ત્યારે ત્યાંના એક સુપ્રસિદ્ધ લેખક ને વિદ્વાન મને મળવા આવ્યા. એમણે મને કેટલાક પ્રશ્નો પૂછ્યા.

થોડાક દિવસો પછી એમના આગ્રહપૂર્વકના આમંત્રણથી અમે અલકાપુરીના એમના મકાન પર ગયા. ત્યાંથી બહાર નીકળતી વખતે એમણે મને એક તરફ લઈ જઇને જણાવ્યું: તે દિવસે હું થિયોસોફીકલ સોસાયટીમાં આવીને તમને પ્રશ્ન પૂછવા માંડ્યો ત્યારે તમારા મસ્તકની ઉપરના ભાગમાં મને અચાનક રામકૃષ્ણ પરમહંસદેવની સુંદર સ્પષ્ટ આકૃતિ દેખાઈ. તો તમારો એમની સાથે પૂર્વજન્મમાં કોઈ સંબંધ હતો કે તમે એમના શિષ્ય હતા ?

મેં એમને કહ્યું : મારો એમની સાથેનો સંબંધ કેવો હતો તે હમણાં નહિ કહું. પરંતુ હું એમનો શિષ્ય તો નહોતો જ.

એ અસાધારણ સંસ્કારવાળા સૌજન્યમૂર્તિ સદ્‌ભાગી સાક્ષર શ્રી કિશનસિંહ ચાવડા હતા.

### (૪) ગાંધીજીનો અદ્‌ભુત અનુભવ

ઇ. સ. ૧૯૭૦નું વર્ષ ગાંધી શતાબ્દી વર્ષ તરીકે ભારતભરમાં ઊજવવાનું નક્કી થયેલું. તેથી મેં પોતે પણ એમને મારી રીતે અંજલિ આપવાનો વિચાર કર્યો. મેં એમના જીવનને અનુલક્ષીને ગાંધીગૌરવ નામની કાવ્યકૃતિની રચના કરેલી. એનું આવશ્યક સંશોધન-સંવર્ધન કરીને અને એને અભિનવરૂપ આપીને શતાબ્દી વરસ દરમિયાન એના પ્રકાશનનો મેં સંકલ્પ કર્યો.

એ પ્રયત્નનાં સફળ થવા માટે મેં પરમાત્માની પ્રાર્થના કરી. એ સંબંધી ગાંધીજીનું જ માર્ગદર્શન માગ્યું. એક ધન્ય દિવસે વહેલી સવારે ગાંધીજીએ મને અલૌકિક અનુભવ આપ્યો ત્યારે મને સંતોષ થયો.



'તમને ગાંધીગૌરવ કાવ્ય ગમ્યું ?' મેં એમને પૂછ્યું. એમણે પ્રત્યુત્તર આપ્યો : 'શા માટે ન ગમે ? ખૂબ જ ગમ્યું.'

'પરંતુ એને છાપશે કોણ ? કોઇક સારી સંસ્થા છાપે એવી મારી ઇચ્છા છે.'

'નવજીવન કાર્યાલય જ છાપશે અને સારી રીતે છાપશે.'

'પરંતુ નવજીવન સંસ્થા તો ગદ્ય જ છાપે છે, પદ્યનાં પુસ્તકો નથી છાપતી.'

'છતાં પણ ત્યાં કોશિશ કરજો. એ છાપશે અને બહાર પાડશે.'

'ગાંધીગૌરવ વિશે પ્રસ્તાવના જેવું લખાવું ?'

'લખાવવું હોય તો કાકા કાલેલકર પાસે લખાવજો. એ સારું લખશે.'

'મોરારજી દેસાઇ પાસે કાંઇ લખાવું ?'

'એ પણ લખી આપશે. લખાવજો.'

મેં નવજીવન સંસ્થા પર પત્ર લખ્યો. ગાંધીગૌરવનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો. હસ્તપ્રત મોકલી આપી ત્રણ મહિના પછી છેવટે સંસ્થા તરફથી એને છાપવાનો નિર્ણય કરવામાં આવ્યો. મને એ નિર્ણયથી આનંદ થયો. શતાબ્દી વર્ષ પહેલાં લગભગ ઇ. સ. ૧૯૬૦ માં જ્યારે મેં નવજીવન પર પત્ર લખેલો ત્યારે છાપવાની અશક્તિના શેરા સાથે જવાબ મળેલો પરંતુ ગાંધીજીની ઇચ્છા ને પ્રેરણાનો હવે વિજય થયો કહેવાય. પ્રસ્તાવના પણ કાકા સાહેબે વેળાસર મોકલી આપી અને મોરારજી દેસાઇએ લખેલ આમુખ પણ સુયોગ્ય સમયે આવી પહોંચ્યો. ગાંધીગૌરવ ગાંધીશતાબ્દી દરમિયાન જ બહાર પડ્યું તેથી મારી પ્રસન્નતાનો પાર રહ્યો નહીં.

## (૫) રમણ મહર્ષિનો અનુભવ

ઈ. સ. ૧૯૬૯ના માર્ચ મહિનામાં કોઈપણ પ્રકારના પ્રત્યક્ષ પરિચય વિના મને મળવા માટે આર. આર. શેઠની કંપનીવાળા શ્રી ભગતભાઈ તથા ધીરૂભાઈ આવી પહોંચ્યા. એમણે મારી આગળ શ્રી રમણ મહર્ષિના જીવન અને કાર્ય પર એક મહાગ્રંથ તૈયાર કરી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. મને મહર્ષિ પ્રત્યે પ્રથમથી જ પુષ્કળ પ્રેમભાવ હોવાથી, એમના જ્યોતિર્મય જીવન અને કાર્યનું અક્ષરાલેખન માટે મેં હા પાડી. મેં મારી અનુકૂળતા પ્રમાણે એ કલ્યાણકાર્યનો આરંભ કર્યો. એ વખતે હું અમદાવાદમાં હતો. એ દરમિયાન એકવાર મને ફરીથી શ્રી ભગતભાઈ મળવા આવ્યા. મેં એમને જે કાર્ય થઈ રહ્યું હતું તે બતાવ્યું. તેમણે ખૂબ પ્રસન્નતા પૂર્વક જણાવ્યું: ‘ લખાણ ખૂબ જ સંતોષકારક રીતે થઇ રહ્યું છે. પરંતુ એક મુશ્કેલી આવી છે. રમણાશ્રમ તરફથી પ્રકાશન માટે સંમતિ મળી નથી, તેથી પુસ્તક પ્રકાશનનો વિચાર પડતો મૂકવો પડશે. ’

હું પોતે વિચારમાં પડ્યો. જો કે મહર્ષિની મરજી હશે તો પુસ્તક લખાશે ને પ્રકાશન થશે એવો વિશ્વાસ તો હતો જ. શ્રી ભગતભાઇએ મને આશ્રમની મંજૂરી માટે લખવાની વિનંતિ કરી. એ સૂચનાને મેં વધાવી લીધી. રાતે મેં મારી રીતે મહર્ષિનો પ્રાર્થના દ્વારા સંપર્ક સાધ્યો. એમને સઘળી હકીકત કહી બતાવી. એમનું માર્ગદર્શન માગ્યું. તેમણે સૂચવ્યું કે તમે ટ્રસ્ટીને ફરીથી લખો. મંજૂરી જરૂર મળશે. તમારી દ્વારા મારા જીવન અને કાર્યનું એ પુસ્તક તૈયાર થાય એવી મારી ઈચ્છા છે.

એમની પ્રેરણાથી પ્રેરાઇને મેં પ્રયત્ન કર્યો ને અઠવાડિયા પછી ઉત્તર આવ્યો કે તમારા જેવા પુરુષ આવું સુંદર



સર્વોપયોગી સત્કર્મ કરતા હોય તો તેને માટેની મંજૂરી આપવામાં અમને વાંધો નથી. તમે એ કાર્યને કોઈપણ પ્રકારના સંકોચ વિના કરી શકો છો. તેથી મેં અનુભવ્યું કે મહર્ષિની ઇચ્છા, પ્રેરણા ને કૃપાથી જ આ કલ્યાણ કાર્ય થઇ રહ્યું છે. પુસ્તકના લેખન દરમિયાન દરેક મહિને અવાર નવાર અને આકસ્મિક રીતે એમના દિવ્ય દર્શનનો લાભ મળતો રહેતો. તેથી જે અસાધારણ આનંદ થતો તેને વર્ણવવા યોગ્ય શબ્દો મને નથી મળતા.

પ્રશ્નોત્તર વિભાગનું લેખન કાર્ય માટે મને ‘ લેટર્સ ફ્રોમ રમણાશ્રમમ્ ’ નામનું પુસ્તક મળતું નહોતું. તેથી મેં રમણાશ્રમના વેંકટરામનને લખી જોયું. એમનો ઉત્તર આવ્યો કે એ પુસ્તક ખલાસ થઇ ગયું છે. ફરી છપાઈ રહ્યું છે. ત્રણ મહિના પછી નકલ મોકલી આપવામાં આવશે. પરંતુ એ ઉત્તરથી મને સંતોષ થયો નહિ. ત્યાં સુધી મારે શું કરવું ? તેથી મેં ફરી મહિષનું માર્ગદર્શન મેળવવા પ્રાર્થના કરવા માંડી. પ્રાર્થનાના પ્રત્યુત્તર રૂપે મહર્ષિએ સાક્ષાત્ પ્રગટ થઇને મને જણાવ્યું કે પુસ્તક એક જ અઠવાડિયામાં તમને મળી જશે. અને ખરેખર મને તે પુસ્તક મહર્ષિની સૂચના પ્રમાણે મળી ગયું. છેવટે પુસ્તકનું લેખનકાર્ય પૂર્ણ થઇ શક્યું.

શ્રી રમણમહર્ષિના એ સ્વાનુભવો એમની અસાધારણ શક્તિને અને દેશકાળ રહિતતાને સૂચવે છે. જે એમનું સાચા દિલથી શરણ લેશે ને પ્રાર્થના કરશે તો તેને નિરાશ નહિ થવું પડે.

( ક્રમશઃ )

## ઝંખના

ન જાણે કંઇક હૃદયને ડંખી રહ્યું છે,
કોણ જાણે કોણ મનને ઝંખી રહ્યું છે.
પિયુ જનમો જનમનો જે પિયુ સર્વનો એ છે,
નજર જ્યાં જાય ત્યાં તેનો પ્રસ્તાવ મોટો છે.
રૂપોને નામની તોયે બનેલી જાળ એવી છે,
તડપતી માછલી ચિત્તની છુટકારો માગે છે.
સમંદરને તરંગોની પડેલી ખાઇ કંઇ ના છે,
છતાં કેમ ના સમજાય કે આ સૌએ પાણી છે.
બધું પાણી બધાં પાણી છતાંએ જાળ મોટી છે
માનીજા મનના માણીગર બધી માયા આ તારી છે.

—રામુ પારેખ
સી–૨૭૬ પાર્શ્વનાથનગર સોસાયટી
પોસ્ટ : ચાંદખેડા સોસાયટી એરીયા
પીન : ૩૮૨ ૪૨૪
જીલ્લો : ગાંધીનગર (ઉ. ગુ.)

## ગુજરાત રાજ્યમાં અછત પરિસ્થિતિમાં રાહતકામો ને શ્રમજીવીઓની સંખ્યા

૧૯૮૭–૮૮

| | | |
|---|---|---|
| * રાહતકામો | સંખ્યા | ૬,૨૮૩ |
| – શ્રમજીવીઓ | સંખ્યા | ૧૮,૮૫,૯૪૪ |
| * અંદાજપત્રીય કામો | સંખ્યા | ૩,૦૦૧ |
| – શ્રમજીવીઓ | સંખ્યા | ૧,૪૬,૮૫૫ |
| * રાષ્ટ્રીય ગ્રામ રોજગાર | | |
| કાર્યક્રમના કામો | સંખ્યા | ૨,૧૪૧ |
| – શ્રમજીવીઓ | સંખ્યા | ૮૪,૦૩૦ |
| * ભૂમિહીન ખેતમજૂરો | | |
| માટેનો રોજગાર બાંહેધરી | | |
| કાર્યક્રમ | સંખ્યા | ૧,૩૪૪ |
| – શ્રમજીવીઓ | સંખ્યા | ૨૫,૬૨૯ |

માહિતી / ગુ. રા. / ગાંધીનગર

# સંતોની સંગતિ લાભકારક

સંતોની ગમે તેવા હલકા પ્રકારની સેવા કરવાથી પણ તેમની સંગતમાં રહેવાનો સુયોગ મળતો હોય તો તે છોડવો નહિ. સંતોને આંગણે કૂતરા થઈને ઊભા રહેવામાં પણ લાભ છે; કારણ કે તેમ કરવાથી રામનામ નિરંતર સાંભળવાનું મળશે અને સંતો ખાઈને એઠવાડ ફેંકી દેશે તેનું સેવન કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થશે. સંતોની સમીપમાં તેમના આજ્ઞાકારી દાસ થઈને દીનપણે રહેવાની તક મળે તો તેથી ઘણો લાભ છે. તુકારામ કહે છે સંતોની સંગતિ કરવાથી તમામ સુખોનો લાભ થાય છે.

—સંત તુકારામ

*——*

જમાનાથી રંગાશો નહિ, જમાનાને રંગો.
ધાવણના સંસ્કાર એજ પાયાના સંસ્કાર.
તોપગોળા કરતાં, ગપગોળા વધુ ભયંકર છે.
સુખ સમજણમાં છે, બંગલામાં નથી.
ફળ ગમે છે. ફરજ ગમતી નથી.
પૈસો પરમેશ્વરને ભૂલાવે છે.
યૌવનના રંગ મેઘધનુષ્ય જેવા મોહક અને ક્ષણિક છે.
પ્રસંશાથી ફુલાશો નહિ અને નિંદાથી મુઝાશો નહિ.
ઈચ્છાઓ પુરી કરવા જતાં, તમે પોતેજ પુરા થઈ જશો.



# શામજી ભગતની આતમ વાણી

સૌમ્ય બુદ્ધિને શાંતિના ચિત્તે, મર્યાદામાં રહેવું રે,
આપદા આપે સંસાર સાગર, મથીને ઘૃતને લેવું રે-સો

ખટપટોમાં ખપી નૈ જાવું, જંજાવતી જંજાળ જોવી રે,
મનડાને માળામાં રાખી, જ્ઞાન સરિતા દોવી રે-સો

મિથ્યા વિષયોને વ્યર્થ ચિંતન, ઈ સદાને છોડી દેવાં રે,
અવિનાશી અંતરના ભાવે, આત્મવતમાં જોવા રે-સો

હું કોણ છું તેવા વિચારે, સદાકાળ જાગ્રત રહેવું રે,
કર્મોમાં ડુબી દુષ્ટની સંગત, હળાહળ ઝેરને જોવું રે-સો

મોરના ટહુકે મેઘ મલારે, સજ્જન શણગાર પામે રે,
અહંકાર ઉડાડી સમચિત્તને દ્વારે, ચૈતન્ય દર્શન સામે રે-સો

અધિષ્ઠાનભૂતે મહામંગળ કાર્યે, બ્રહ્મ બ્રહ્માંડની માંય રે,
સૂર્યકિરણોના સંગે ચૈતન્ય, પ્રત્યેક જીવમાં જાય રે-સો

મધપુડાની માખી બનીને, પંકજ પિંડા ચિત્ત માંય રે,
શ્યામજી સૃષ્ટિની વૃષ્ટિ દેખી, ગુરુરામ બુદ્ધિ નિરખાય રે-સો

( મુ. પો. ચરખડીઆ, તા. સાવરકુંડલા. )

# રામકથા

( ગતાંકથી ચાલુ )

શ્રી યોગેશ્વરજી

( શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા )

રામે શાંતિપૂર્વક કહ્યું :

'ભરતને માટે એવી આશંકા કરવી નકામી છે. એનો સ્વભાવ હું જાણું છું. એ આપણું કાસળ કાઢવાનો વિચાર કદાપિ ના કરે.'

'તો પછી આટલી મોટી સેના સાથે એ શા માટે આવી રહ્યો છે ?'

'એના આગમનના પ્રયોજન સંબંધી અનુમાન કરવું અશક્ય છે. એ સાચેસાચ શા માટે આવે છે તે કેમ કહી શકાય ? એ બાબત કોઈ ભળતા વિચારો કરવા યોગ્ય નથી. એકવાર એને અહિં આવવા દઈએ પછી એના પ્રયોજન વિશે માહિતી મેળવીને જે કરવા જેવું લાગશે તે કરી શકીશું.'

સીતાને પણ રામના વિચારો પસંદ પડ્યા.

એણે પણ ભરતના હેતુ વિશે કોઈ ઉતાવળિયો અભિપ્રાય ના બાંધી લેવાની સલાહ આપી, એટલે લક્ષ્મણ શાંત રહ્યો.

## ભરતનો પ્રેમ

ચિત્રકૂટની દૈવી ભૂમિનું દર્શન ભરતને માટે અતિશય આનંદદાયક થઈ પડ્યું. એ ભૂમિને એણે ભારે ભાવભક્તિપૂર્વક પ્રણામ કર્યા અને એની પવિત્ર રજને મસ્તક પર ચઢાવી. એ ભૂમિ એને એટલા માટે અસાધારણ, મહિમામયી, મંગલમય અને પ્રિય લાગી કે એને રામનો સ્પર્શ થયેલો એટલું જ નહિ પરંતુ રામે એને પોતાના નિવાસ સ્થાન તરીકે પસંદ કરેલી. એ ભૂમિની મહત્તા એને મન બીજી ભૂમિ કરતાં વધી ગયેલી. પવિત્ર મંદાકિની નદીના નિર્મળ પ્રવાહ પાસે જઈને એણે આચમન કર્યું, એની અંજલિ



લીધી, અને પછી કામતગિરિની નયન મનોહર, ચિત્તાકર્ષક, સુંદર પર્વતમાળા પ્રત્યે દૃષ્ટિ ફેંકી.

મંદાકિનીમાં પવિત્ર તપસ્વીઓ અને ઋષિમુનિઓ સ્નાન કરતા હતા. અને એના નાના સરખા છતાં પ્રશાંત તટપ્રદેશ પર બેસીને કોઈ ધ્યાન કરતા, સ્વાધ્યાયમાં રત રહેતા, તો કોઈ જપના આનંદમાં મગ્ન બનતાં. એકાંત પ્રેમી, તપશ્ચર્યાપરાયણ, વીતરાગ મહાત્મા પુરુષોને લીધે ત્યાંનું વાતાવરણ અત્યંત આનંદમય અને અદ્ભુત લાગતું. ભરતનો પ્રાણ એ અવનવા વાતાવરણનો રસ ચાખીને થનગનાટ કરવા લાગ્યો.

એના આત્માને એ ભૂમિમાં આવવાથી ઘણો સંતોષ થયો. સેનાને એણે થોડેક દૂર રોકી રાખી અને થોડીક ખાસ વ્યક્તિઓની મંડળી સાથે એણે રામ, લક્ષ્મણ તથા સીતાને મળવા માટે મંદાકિનીના કિનારે કિનારે આગળ પ્રયાણ કર્યું.

કામતગિરિની પવિત્ર ગોદમાં રામ, લક્ષ્મણ ને સીતાની પર્ણકુટી હતી. એ બાજુ આગળ વધતા ભરતનો વનમાં વિહરતાં મૃગોએ નાચી કૂદીને મૂક સત્કાર કર્યો. સૂર્યનાં તાજાં સોનેરી કિરણો ચારે તરફ ફરી વળેલાં. તે જાણે કે ભરતની આગળ આગળ ચાલીને એનું પથપ્રદર્શન કરવા લાગ્યાં.

રામ, લક્ષ્મણ તથા સીતાને દૂર પર્ણકુટીની બહાર બેઠેલાં જોઈને ભરતનું અંતર આનંદમય બની ગયું. એનું રોમરોમ રસથી રંગાઈને ઉછળવા લાગ્યું. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી અને ઊર્મિલાને પણ અસાધારણ આનંદ થયો.

લાંબા વખતથી ખોવાયેલી કોઈ નિધિ પોતાને પ્રાપ્ત થઈ હોય અથવા એ પ્રાપ્ત થવાની ઘડી આવી ગઈ હોય એવા ભાવપૂર્વક ઉલ્લાસથી આગળ વધીને ભરતે રામને પ્રણામ કર્યા. રામ એને ભાવપૂર્વક ભેટી પડ્યા ત્યારે સ્નેહનાં બે અલગ પડી ગયેલાં અંગોને ફરી મેળાપ થયો હોય એવું અનેરું દૃશ્ય ઉપસ્થિત થયું.

ભરતે લક્ષ્મણ તથા સીતાને પણ વિધિપૂર્વક મળી લીધું.

એ પછી રામ માતા કૌશલ્યાને, સુમિત્રાને ને કૈકેયીને મળ્યા.

કૈકેયીને રામને મળતાં ઘણો જ સંકોચ થયો.

લક્ષ્મણ અને ઊર્મિલાનાં અંતર એકમેકને લાંબે વખતે મળીને ઊંડી શાંતિ ને પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યાં.

નિષાદરાજને પણ રામ અને સીતાના સહવાસમાં સ્વર્ગ સુખ લાગવા માંડ્યું.

રામ, સીતા અને લક્ષ્મણે મહર્ષિ વસિષ્ઠનાં ચરણોમાં પ્રેમથી પ્રણામ કર્યા. વસિષ્ઠની પાસેથી દશરથના મૃત્યુ સમાચાર સાંભળીને એ ત્રણેના શોકનો પાર ન રહ્યો.

સુમંત્રે એમને દશરથના મૃત્યુ પછીના પ્રસંગોની માહિતી આપી.

પિતાજીને તર્પણ આપ્યા પછી રામ ને લક્ષ્મણ શાંતિથી બેઠા એટલે કૈકેયીએ મંદ સ્વરે કહેવા માંડ્યું. 'મારે લીધે જ તમારે વનમાં આવવું પડ્યું. હું ના હોત તો તમારે માટે વનમાં આવવાનું કોઇ કારણ ના હોત. અત્યારે મને મારા એ વખતના વર્તનને માટે અફસોસ થાય છે. પરંતુ એ વખતે મારું મગજ કોણ જાણે કેવું થઈ ગયું કે મારી બુદ્ધિ બહેર મારી ગઈ. તમને વનમાં વિદાય કરવામાં જ મારું ને ભરતનું શ્રેય છે એવું મને લાગવા માંડ્યું. ભરતે અયોધ્યામાં આવીને જ્યારે મને ઠપકો આપ્યો અને રાજગાદીનો ત્યાગ કર્યો ત્યારે મારી બુદ્ધિ કાંઈક ઠેકાણે આવી. પરંતુ પછીથી શું થાય? પાળ બાંધું એ પહેલાં તો પાણી વહી ગયેલું! મારા અવિવેકી વર્તનથી મેં તમને ઘણા જ દુઃખી કર્યા. એ ડંખ મારા દિલમાંથી કદી પણ ને કોઈયે ઉપાયે દૂર નહિ થાય.'

(ક્રમશઃ)

# મુક્તિની ખાત્રી

હે સાધન ભજન કરનારાઓ! સંસાર સાગરને તરી જવાની બાબત તમે આવડી ફીકર ચિન્તા શા સારૂં કરો છો? જુઓ, જુઓ પણે આગળ જ સૌ કોઇના તારણહાર, સમર્થ દાતાર પોતાની કેડે હાથ દઇને ઉભેલા તો છે. તમે ફક્ત તમારા ખરા દિલથી ભાવપૂર્વક તેમની સમીપ જઇને તેમના ચરણને એકવાર જોરથી વળગી જ પડજો. સંસારસિંધુને તરી જવાનું આના કરતાં બીજું કશું જ વધારે મૂલ્ય તમારે આપવું નહિ પડે. તે તમારી પાસે બીજુ કાંઇજ માગતા નથી. તે તો એટલુંજ માગે છે કે તમે તમારા હૃદયનો ભાવ ખૂબ દૃઢતાપૂર્વક તેને સમર્પિત કરી દો.

જ્યાં તમે આટલું કરી દીધું એટલે તે તો તમને પોતાની કાંધે બેસાડીને સંસાર સાગરની પેલે પાર લઈ જશે. અને એટલાથી તમારૂં કામ પૂરેપૂરૂં સિદ્ધ થઈ જશે. પછી તમે આનંદપૂર્વક તમારો સંસાર ભોગવતા રહેજો. (ફકત આષાઢી અને કારતકી એકાદશીઓને દહાડે વિઠોબાનું દર્શન કરવાનું ચૂકતા નહિ.) તેમ કરવાથી દયા, ક્ષમા ઇત્યાદિ પરમ પવિત્ર સાત્વિક વૃત્તિઓરૂપી ભાગીરથીની ધારા તમારી હૃદયરૂપી ધરતીને સદાકાળ પાવન કરતી વહ્યા જ કરશે. તમારે તમારા ઐહિક અથવા પારલૌકિક ભોગને સારૂ અથવા તો તમારી પોતાની મુક્તિની બાબતમાં કશી ચિન્તા કરવાપણું રહેશે જ નહિ. તુકારામ કહે છે કે જ્યાં તમે એક પાંડુરંગનું શરણ લીધું એટલે પછી દૈન્ય, દારિદ્ર ઇત્યાદિ દોષો તમારી પાસે રહેવા પામશેજ નહિ.

—સંત તુકારામ

# સાચા ત્યાગીને ઓળખતાં શીખો

સાધુ સંન્યાસી, ઉપદેશક કે ત્યાગી કાંઈ એક જાતના હોય છે? એ અનેક જાતના અથવા તો બહુરૂપી હોય છે. પેલા ભક્ત કવિએ પોતાની સાદી સીધી ભાષામાં કહ્યું છે કેઃ-

"કોઇ નાઠા રાંડોને રોષે, કોઈને ના મળી નારી,
કોઈ કરજે, કોઈ ઝઘડે નાઠા, કેમ રીઝે ગિરધારી?

એ પ્રમાણે ત્યાગ કરવાનાં કારણો ભિન્ન ભિન્ન હોય છે. મોટા ભાગના ત્યાગ તો મનની નબળાઈને લીધે તથા દુન્યવી કારણોને લીધે થતા હોય છે. વિવેક અને વૈરાગ્યના પીઠબળવાળા ત્યાગી કે સંન્યાસી તો કોકજ હોય છે. એકાંતવાસ કરીને સાધન કે તપસ્યાનો આશ્રય લેવા, જ્ઞાનોપાર્જન કરવા, બંધનોમાંથી મુક્તિ–મેળવવા, ઈશ્વરદર્શન કરવા અથવા તો પોતાનું ને બીજાનું શ્રેય સાધવા માટે કરાતા ત્યાગ પણ કોઈક વિરલ જ હોય છે. વધારે ભાગના ત્યાગ તો લૌકિક લાલસાઓને નજર સામે રાખીને થતા હોય છે. એવા અધકચરા ત્યાગનો આધાર લેનારા પાસેથી ગિરિધારી રીઝવવાની આશા રાખી જ કેવી રીતે શકાય? એમને પરમાત્માની પડી છે જ કયાં? પરમાત્માની સાથે એમને કોઈ જાતનો સંબંધ જ કયાં છે? એમના અંતરમાં લૌકિક ઇચ્છાઓ લાલસાઓ કે વાસનાઓ તેમ જ વિષયની રસવૃત્તિઓનું તાંડવનૃત્ય થતું હોય છે. એટલે પછી ત્યાગનો અંચળો ઓઢ્યા પછી પણ એની પૂર્તિ માટે જ એ પુરુષાર્થ કરે છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧